**સુવિચાર**

''વર્તનથી પણ વાર્તા લખી શકાતી હોય છે. દરેક વખતે લખાણ માટે પેનની જરૂર નથી હોતી.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૨/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ ફાગણ સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૫૬

## કુદરતનો પ્રકોપ કે પાતાળમાં હલચલ ? સમગ્ર પંથકમાં દોડધામ

# બાબરાનાં ગરણી ગામે મધરાતે પ્રચંડ ધડાકા સાથે ધરતી ધ્રુજી

**એક પટેલ પરિવારનું સમગ્ર મકાન ગણતરીની પળમાં ધરાશાયી થઈ ગયું**

**પાંચ રૂમનું મકાન પતાના મહેલની જેમ વેરવિખેર : ૨૫ લાખનો મુદ્દામાલ નષ્ટ**

**૧૦૦ વર્ષમાં ક્યારેય ન બની હોય તેવી રહસ્યમય ઘટનાથી ગામમાં ફફડાટ**

**મીઠી નિંદ્રા માણતા પરિવારનો સદ્નસીબે આબાદ બચાવ થયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, ભરત મહેતા–કોટડાપીઠા

બાબરા, ૧૭

બાબરા તાલુકાના ગરણી ગામે આજે વ્હેલી સવારે કુદરતનો એવો કરિશ્મો અને કહેર જોવા મળ્યો કે સાંભળનારના કાળજા કંપી ઉઠયા છે. ગામના પ્લોટ વિસ્તારમાં રહેતા નાગજીભાઈ શામજીભાઈ ચોપડાના સુખરૂપ પરિવાર પર વ્હેલી સવારે ૪ વાગ્યે આભ તૂટી પડયું હતું. કોઈ રહસ્યમય અને ભેદી ધડાકાએ જોતજોતામાં આખું મકાન કાટમાળમાં ફેરવી નાખ્યું હતું. આ ઘટના કોઈ ભૂકંપથી ઓછી નહોતી, જેના કારણે સમગ્ર પંથક 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે.

નાગજીભાઈનું પાંચ રૂમ અને રસોડાવાળું મજબૂત સ્લેબબંધી મકાન ક્ષણભરમાં ખંડેર બની ગયું હતું. ધડાકો એટલો ભયાનક હતો કે ઘરના બારી–દરવાજા જાણે તોપના ગોળાની જેમ ઉછળીને બહાર પડયા હતા. મકાન માલિકના જણાવ્યા મુજબ, આ આકસ્મિક હોનારતમાં અંદાજે ૨૦ થી ૨૫ લાખ રૂપિયાનું માતબર નુકસાન થયું છે. આખું ઘર હવે રહેવા લાયક રહ્યું નથી, માત્ર પથ્થરોનો ઢગલો બની ગયું છે.

ગામના સરપંચ દામજીભાઈ લીંબાસિયાએ ધ્રૂજતા અવાજે જણાવ્યું હતું કે, પરિવાર ગાઢ નિદ્રામાં હતો ત્યારે અચાનક થયેલા વિસ્ફોટે સૌને જગાડી દીધા. મકાન પડવાની શરૂઆત થઈ અને પરિવારે સેકન્ડોના ભાગમાં બહાર દોટ મૂકી અને જીવ બચાવ્યો. નવાઈની વાત એ છે કે આ ધડાકાનો અવાજ આજુબાજુના ૩–૪ કિલોમીટર દૂરના ગામો સુધી સંભળાયો હતો. વડીલો કહે છે કે


**અનુસંધાન પાના ૬ ઉપર**

**જોઇએ છે**

પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે

**આર.ડી. પેટ્રોલ પંપ**
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

Krishna DINING HALL



**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
**રમેશભાઈ આર. શિંગાળા**
૯૮૨૫૫ ૪૬૯૦૨

**ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન..**



**મુકેશભાઈ ખોખરીયા**
પ્રમુખશ્રી : અમરેલી જિ.ભાજપ કિસાન મોરચા

**મહેશભાઈ જાવીયા**
કોષાધ્યક્ષશ્રી અમરેલી જિ.ભાજપ

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા શ્રી મુકેશભાઈ ખોખરીયા ને અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ બનાવતા તથા શ્રી મહેશભાઈ જાવીયા ને અમરેલી જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ બનાવતા અમો હર્ષ સહ ગૌરવની લાગણી અનુભવતા આપ બન્ને ને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

**શુભેચ્છક**

કિરીટભાઈ પરવાડિયા – પ્રમુખશ્રી : શહેર ભાજપ
જગદીશભાઈ વાવડીયા – મહામંત્રીશ્રી : શહેર ભાજપ
રમેશભાઈ સાંગડીયા – મહામંત્રીશ્રી : શહેર ભાજપ
બાબરા શહેર ભાજપ પરિવાર

મુ. બાબરા, જિ.અમરેલી.

**ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**

**ડો. વિરલ વસાણી** – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૧૯/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

**ડો. કૈવંત પટેલ** – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
ફેફસાના રોગો અને શ્વાસનળી બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે
તા. ૧૯/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

**ડો. જય વિઠલાણી** – કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગના નિષ્ણાંત
તા. ૨૦/૦૨/૨૦૨૬- શુક્રવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦

**ડો. મૈત્રેય જોષી** – યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત
તા. ૨૧/૦૨/૨૦૨૬- શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦

(જુના કેસ રીપોર્ટ સાથે લઈને આવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪

**ડોક્ટર હાઉસ અમરેલી** – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

**અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ**
ડો. ઉત્સવ ઉનડકટ
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

**અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી**

**અમરેલી માં...**

Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. જતીન વખારિયા** કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. પાર્થ જોષી** MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી **ડો. સંદીપ ખેની** હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. શ્રેયા બુટાલા** MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |

**આસ્થા હોસ્પિટલ**
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

## જિલ્લાની આખરી સંકલિત મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી

# અમરેલી જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા ૧૧,૪૭,૨૦૦

**ધારી વિધાનસભા વિસ્તારમાં કુલ ૨,૦૭,૨૦૯ મતદારો નોંધાયા**

**અમરેલી વિધાનસભા વિસ્તારમાં ૨,૪૯,૮૬૮ મતદારોની નોંધણી થઈ**

**લાઠીમાં ૨,૧૦,૫૧૬ અને સાવરકુંડલામાં ૨,૨૫,૩૫૯ અને રાજુલામાં ૨,૫૪,૨૪૮ મતદારો**

**જિલ્લામાં સૌથી વધુ મતદારો રાજુલા વિસ્તાર અને સૌથી ઓછા મતદારો ધારી વિસ્તારમાં**

અમરેલી, તા. ૧૭

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની વખતો વખતની સૂચના અનુસાર તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા–૨૦૨૬ની કાર્યવાહી તા. ૨૮/૧૦/૨૦૨૫થી શરૂ કરવામાં આવી હતી, જે તા. ૧૭/૦૨/૨૦૨૬ સુધી સફળતાપૂર્વક ચાલુ રહી હતી. આ સમગ્ર પ્રક્રિયાનો મુખ્ય હેતુ યોગ્ય અને લાયક મતદારોના નામ મતદારયાદીમાં સમાવેશ થાય તથા મતદારયાદી વધુ સચોટ, પારદર્શક અને અપડેટ રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

તા. ૧૭/૦૨/૨૦૨૬ મંગળવારના દિવસે અમરેલી જિલ્લાના તમામ પાંચ વિધાનસભા મત વિસ્તારોમાં તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ– ૨૦૨૬ અંતર્ગત આખરી સંકલિત મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આ આખરી મતદારયાદી સંબંધિત તમામ વિધાનસભા મતવિસ્તારના મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, તમામ મતદાન મથકો તથા નિયત સ્થળોએ જાહેર કરવામાં આવી છે.

ઉપરાંત સેવા મતદારો માટેના છેલ્લા ભાગની મતદારયાદીની પણ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે, જેથી તમામ મતદારોને પોતાના નામની ચકાસણી કરવાની સુવિધા ઉપલબ્ધ બને.


આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ–૨૦૨૬ અંતર્ગત થયેલી સમગ્ર પ્રક્રિયા દરમિયાન ૯૪–ધારી વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૦૭,૨૦૯ મતદારો, ૯૫–અમરેલી વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૪૯,૮૬૮ મતદારો, ૯૬–લાઠી વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૧૦,૫૧૬ મતદારો, ૯૭–સાવરકુંડલા વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૨૫,૩૫૯ મતદારો તથા ૯૮–રાજુલા વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૫૪,૨૪૮ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રીતે સમગ્ર અમરેલી જિલ્લામાં કુલ ૧૧,૪૭,૨૦૦ મતદારો આખરી મતદારયાદીમાં સમાવિષ્ટ થયા છે.

ઉલ્લેખનીય છે કે તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થયેલ મુસદારૂપ મતદારયાદીની સરખામણીએ આખરી મતદારયાદીમાં કુલ ૧૪,૩૮૪ જેટલા મતદારોનો વધારો નોંધાયો છે, જે મતદાર નોંધણી પ્રક્રિયા પ્રત્યે નાગરિકોમાં વધતી જાગૃતિ અને સક્રિય ભાગીદારીનો દ્યોતક છે. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલ આ સઘન સુધારણા પ્રક્રિયા લોકશાહી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે તેમ અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### કાવ્યાબેન બરાડ નામની મહિલાનું મોત

## કુંકાવાવનાં તરઘરી ગામની વાડીનાં કુવામાં પડી જવાથી મહિલાનું કમકમાટીભર્યુ મોત

**ફાયર ટીમે કુવામાંથી મહિલાનાં મૃતદેહનું રેસ્કયુ કર્યુ**



અમરેલી, તા. ૧૭

કુંકાવાવ તાલુકાના તરઘરી ગામના વાડી વિસ્તારની એક વાડીના કુવામાં એક સ્ત્રી પડી ગયેલ હોય તે અંગેની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે કરવામાં આવતા ગઈકાલે રાત્રે જ ફાયર ઓફિસર એચ.પી સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતી. અને પોતાની સૂઝબુજ તથા પોતાના જીવના જોખમે પાણી ભરેલા ઊંડા કૂવામાંથી આ મહિલાના મૃતદેહનું રેસ્કયુ કરી કુવામાંથી બહાર કાઢેલ અને પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહ સ્થાનિક પોલીસને આપેલ હતો.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવામાં મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજેશભાઈ ખાનપરાની વાડીમાં રહેતી કાવ્યાબેન જીતુભાઈ બરાડે નામની ૨૦ વર્ષીય મહિલા કોઈ કારણોસર એક વાડીના કુવામાં ગયેલ હોય તે અંગેની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે કરવામાં આવતા ગઈકાલે રાત્રે જ ફાયર ઓફિસર એચ.પી સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતી. અને પોતાની સૂઝબુજ તથા પોતાના જીવના જોખમે પાણી ભરેલા ઊંડા કૂવામાંથી આ મહિલાના મૃતદેહનું રેસ્કયુ કરી કુવામાંથી બહાર કાઢેલ અને પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહ સ્થાનિક પોલીસને આપેલ હતો. અને સ્થાનિક પોલીસે આ બનાવ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં ફાયર સ્ટાફના કૃષ્ણભાઈ ઓળકિયા, પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, ઈસોટીયા જયદીપભાઈ, વિગેરે જોડાયા હતાં.

### ગામનાં ખેડૂત ગાડુ લઈને પસાર થતાં હોય અને ગર્જનાં થઈ

## ખાંભાનાં ઉમરીયા ગામનાં વાડી વિસ્તારમાં સિંહની ગર્જનાં સાંભળી બંને બળદ ગાડા સાથે કુવામાં ખાબકયા

**૧ બળદનું મોત અને અન્ય બળદનું સહી સલામત રેસ્કયુ કરાયું**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાના ગઈકાલે વન્ય પ્રાણીઓએ માનવ વસ્તી ઉપર આંતક ફેલાવ્યો હોય તેમ ધારી તાલુકાના ગોવિંદપુર ગામે એક મહિલાને ફાડી ખાધાની ઘટનાં બાદ અમરેલીનાં પીઠવાજાળ ગામે દીપડાએ એક બાળકી ઉપર હુમલો કરી દઈ ઈજા કરી હતી. ત્યારબાદ ગઈકાલે જ ખાંભા તાલુકાના ઉમરીયા ગામના વાડી વિસ્તારમાં માનવ વસ્તીમાં આવેલ સિંહે બળદગાડાને જોઈ એક સિંહે ત્રાડ નાખતાં સિંહની ગર્જના સાંભળીને ગાડા સાથે બળદ ભડકીને ગાડા સમેત એક કુવામાં ખાબકતાં એક બળદનું મોત નિપજયું હતું.

ખાંભા તાલુકાના ઉમરીયા ગામના વાડી વિસ્તારમાં વાસુરભાઈ કામલીયાની વાડીએ તેઓ ગાડુ લઈને જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં અચાનક સિંહની ગર્જના સાંભળીને ગાડા સાથે બળદ ભડકીને ગાડા સમેત એક કુવામાં ખાબકતાં આ અંગે ગઈકાલે રાત્રિના ૧૧ કલાકે અમરેલી ડિઝાસ્ટર સેલ ધ્વારા અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવતા તે અંગેની જાણ થતા અમરેલી ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તુરંત ખાંભા તાલુકાના ઉમરીયા ઘટના સ્થળ પર પહોંચી હતી. અને રાત્રીના અંધારામાં લાઈટના અજવાળે પોતાની સૂઝબુજ તથા ક્રેનની મદદથી પોતાના જીવના જોખમે ઊંડા કૂવામાં અંદર ઉતરી અને બંને બળદ તથા ગાડાનું રેસ્કયુ કરી બહાર કાઢી આપેલ હતાં.

આ ઘટનામાં એક બળદ મૃત્યુ થયેલ છે. તથા એક બળદને સહી




તસ્વીર : રાજુ વાળા–ખાંભા

સલામત રેસ્કયુ કરી જીવતો બહાર કાઢેલ હતો. તથા ગામજનો ધ્વારા ફાયર સ્ટાફની આ કામગીરીને બિરદાવવામાં આવેલ હતી.

આ કામગીરીમાં ફાયર સ્ટાફના હિંમતભાઈ બાંભણિયા, ભુરીયા જગદીશભાઈ, ધવલભાઈ ચાવડા તથા અન્ય ત્રણ ફાયર ટ્રેઈની વગેરેએ જહેમત ઉઠાવી હતી.

### જિલ્લામાં સિંહ, દીપડા, નીલગાય, શ્વાનના હુમલા બાદ હવે મધમાખીનો આંતક

## લાઠી : જરખીયા ગામે એક બાળકી સહિત વ્યક્તિઓ પર ઝેરી મધમાખીઓનો હુમલો

**ડંખથી ઇજાગ્રસ્ત થયેલાને સારવાર માટે લાઠી તથા અમરેલી દવાખાને ખસેડાયા**



અમરેલી, તા. ૧૭

અમરેલી જીલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી વન્ય પ્રાણીઓના આંતક સાથેના હુમલાઓની ઘટનાઓ બની રહી છે. તો બીજી તરફ છાશવારે હડકાયા શ્વાન તથા એક નીલગાય ધ્વારા લોકો ઉપરના હુમલાની ઘટનાઓ પ્રકાશમાં આવેલ છે. ત્યારે આજે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના ગામ એવા લાઠી તાલુકાના ઝરખીયા ગામે ગામના પાદર બેઠેલાં કેટલાંક લોકો ઉપર ઝેરી મધમાખીના ટોળાએ હુમલો કરી દઈ ૫ થી ૬ વ્યક્તિઓને ઈજા પહોંચાડી હતી. આ મધમાખીના ડંખથી ઈજાગ્રસ્ત થયેલાને સારવાર માટે લાઠી તથા અમરેલી દવાખાને ખસેડાયા છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ આજે લાઠી તાલુકાના ઝરખીયા ગામે રહેતાં અશોકભાઈ દયારામભાઈ દેવમુરારી અને હરિભાઈ અરજણભાઈ સહિતના લોકો ગામના પાદરમાં બેઠાં હતાં. ત્યારે તેમનાં ઉપર ઝેરી મધમાખીના ટોળાએ હુમલો કરી દઈ ત્યાં હાજર એક બાળકી સહિત ૫ થી ૬ વ્યક્તિઓને ઈજા પહોંચાડી હતી. આ મધમાખીના ડંખથી ઈજાગ્રસ્ત થયેલાને સારવાર માટે લાઠી તથા અમરેલી દવાખાને ખસેડાયા છે.

આ મધમાખીના હુમલાથી ડઘાઈ ગયેલા ઈજાગ્રસ્તોએ રાડારાડ કરી મૂકી હતી. અને મધમાખીથી બચવાના ઘણા પ્રયત્નો કરવા છતાં મધમાખીઓએ ડંખ મારી દેતા ઘાયલ અવસ્થામાં ઈજાગ્રસ્તોને અશોકભાઈ દયારામભાઈ દેવમુરારી અને હરિભાઈ અરજણભાઈને લાઠીમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે તુલસીભાઈ દેવમોરારીને અમરેલી સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

લાઠી તાલુકાનું ઝરખીયા ગામ અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરીયાનું ગામ હોવાથી તેઓ તાત્કાલિક પહોંચી જઈ અને વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. જયારે ઝેરી મધમાખીઓએ અચાનક આવીને હુમલો કરતા નાના એવા ગામમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

## સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયત લથડી

મુંબઈ,તા. ૧૭

ફિલ્મ અભિનેતા સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયત ખરાબ થતા તેઓને મુંબઈની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. પિતાના હાલચાલ પૂછવા માટે સલમાન ખાન લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યા છે. લીલાવતી હૉસ્પિટલ બહાર કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.સલમાન ખાન પિતાને મળવા માટે લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હૉસ્પિટલ બહાર સલમાન ખાનના ચાહકો અને મીડિયાકર્મીઓની ભીડ જોવા મળી રહી છે. ૯૦ વર્ષિય સલીમ ખાન ખરાબ સ્વાસ્થ્યના કારણે પરેશાન હતા. જેને ધ્યાનમાં રાખીને તેને હાલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

## બગસરા શાળા નંબર ૪માં આનંદ મેળો યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૧૭

બગસરાના જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ માં બેગલ્સ ડે અંતર્ગત આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્ટોલ ઊભા કરી વેપાર વિશેનું જ્ઞાન મેળવ્યું હતું.

વિગત અનુસાર બગસરા શહેરના જેતપુર રોડ ઉપર આવેલ શાળા નંબર ૪ માં આત્મનિર્ભર ભારત અને સ્કીલ ઈન્ડિયા અંતર્ગત રાજય સરકાર દ્વારા નિયત કરેલ બેગલસ ડે અંતર્ગત વિદ્યાર્થીઓમાં વેપારનું જ્ઞાન વિકસે તે હેતુથી આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વિવિધ સ્ટોલ મૂકી વેપાર કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ જાતે જ વસ્તુની ખરીદીથી લઈ પડતર કિંમત નફો નુકસાન વગેરેનું જ્ઞાન મેળવે તે હેતુથી શાળા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા આ આનંદ મેળામાં ૨૫થી પણ વધુ સ્ટોલ લગાડવામાં આવ્યા હતા આનંદ મેળો પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ પોતાના થયેલા ખર્ચ નફા અને નુકસાન વિશેની વિગતો ની ચર્ચા કરી હતી વેપાર માટે ભવિષ્યમાં કેટલી વસ્તુઓનો જ્ઞાન જરૂરી છે બાબતે શાળાના શિક્ષકો દ્વારા સમજ આપવામાં આવી હતી વિદ્યાર્થીઓએ હોસે હોશે જ્ઞાન અને ગમ્મત બંને મેળવી આનંદ મેળાને માણ્યો હતો.

### અલગ–અલગ કારણોસર અંતિમવાટ પકડી

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ યુવકો તથા ૨ પરિણીતા સહિત ૪ વ્યકિતઓએ જીંદગી ટુકાવી

**બેરોજગારી, ગૃહકંકાસ સહિતનાં કારણોસર પગલુ ભર્યુ**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે યુવકો તથા બે પરિણીતાએ અલગ અલગ કારણોસર જિંદગી ટૂંકાવી દઈ મોતને વહાલું કરી લેતાં આ અંગે પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામના બી.પી.એલ. વિસ્તારમાં રહેતાં ખોડાભાઈ ઘેલાભાઈ શિયાળ નામના ૩૯ વર્ષીય યુવકની આર્થિક સ્થિતી ખુબજ ખરાબ હોય અને ઘણા સમયથી મજુરી કામ મળતુ ન હોય જેથી કંટાળી જઈ ગત તા.૧૫ ના રોજ રાત્રે ૮ વાગ્યે ચાંચ ગામે ગળાફાંસો ખાઈ જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં મુળ રાજુલા તાલુકાના ચાંચબંદર ગામના વતની અને હાલ અમરેલીના મોટા માચીયાળા ગામે રહેતા મધુબેન કિશનભાઈ ગુજરીયા નામની પરિણીતાએ ગત તા.૧૪ ના રોજ ૧૦ થી તા.૧૫ ના રોજ ૪ વાગ્યા દરમ્યાન મોટા માચીયાળા ગામે આવેલ વાડીએ કોઈ અગમ્ય કારણસર પોતાની જાતે પોતાના ઝુપડામાં ગળાફાસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના રીકડીયા ગામે રમેશભાઈ શંભુભાઈ પાઘડાળની વાડીએ રહેતાં નાનુરામ માંગીલાલ જમરે નામના ૨૮ વર્ષીય યુવકને પોતાની પત્નિ સાથે કામ બાબતે બોલાચાલી થયેલ જેનુ મનમા લાગી આવતા તેના શેઠની બીજી વાડીએ આવેલ લીમડાના ઝાડ સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ચોથા બનાવમાં ધારી તાલુકાના ખીચા ગામે કેશુભાઈ ગુહાની વાડીની વાડીએ રહેતી સોનુબેન નાનશીંગભાઈ મેડા નામની પરિણીતાએ તા.૧૧ ના સાંજના ૭ વાગ્યે ખીચા ગામની સીમ આવેલ વાડીએ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી ગયેલ હતા તેણીનું તા.૧૬ રોજ રાત્રીનાના આશરે સાડા દશેક વાગ્યે સારવાર દરમિયાન તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## હરિપરા પ્રાથમિક શાળામાં માતૃ–પિતૃ વંદન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૭

ધારી ગામની હરિપરા પ્રાથમિક શાળા ખાતે આજે માતૃ–પિતૃ વંદન કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો. કાર્યક્રમનો મુખ્ય હેતુ માતા–પિતાના ત્યાગ, સંસ્કાર અને માર્ગદર્શન પ્રત્યે વિદ્યાર્થીઓમાં કૃતજ્ઞતા અને આદરભાવ વિકસાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ માતા–પિતાનું પૂજન કર્યું. બાળકો દ્વારા માતા–પિતાના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લેવામાં આવ્યા, જે દ્રશ્ય ખૂબ જ ભાવનાત્મક અને હદયસ્પર્શી રહ્યું.

શાળાના શિક્ષકે જણાવ્યું કે માતા–પિતા જીવનના પ્રથમ ગુરૂ છે અને તેમના સંસ્કારોથી જ બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે.

અંતમાં તમામ મહેમાનોનો આભાર વ્યકત કરીને કાર્યક્રમનો સમાપન કરવામાં આવ્યો.

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહએ કર્યુ ઈ–ખાતમુહૂર્ત

# અરે વાહ : સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં ૫ હજાર મેટ્રિક ટનનું બનશે ગોડાઉન

**ખેડૂતો અને સહકારી સંસ્થાઓનાં હિતમાં માર્કેટયાર્ડ દ્વારા રૂપિયા ૩.૬૭ કરોડનાં ખર્ચે ગોડાઉન બનાવવાનો નિર્ણય થયેલ**

**ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો, વેપારીઓ, સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા**

**સરકાર તરફથી ગોડાઉન બનાવવા માટે ૧.૬૨ કરોડની સબસીડી આપવામાં આવશે**

**માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણીનાં નેતૃત્વમાં સમગ્ર કાર્યક્રમ યોજાયો**



સાવરકુંડલા, તા. ૧૭

ભારત સરકારે લોન્ચ કરેલ ખેડૂતો અને સહકારી સંસ્થાઓ માટે અતિ ઉપયોગી થાય તેવી મોટા કદના ગોડાઉનો બનાવવાની યોજના અંતર્ગત સાવરકુંડલા માર્કેટયાર્ડ માટે સરકારે રૂપિયા ૩.૬૭ કરોડના ખર્ચે ૫૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતું ગોડાઉનનું કામ મંજૂર કરતાં આ ગોડાઉનનું ઈ–ખાતમુહૂર્તને કેન્દ્રીય ગૃહ અને સહકારિત મંત્રી અમિતભાઈ શાહે આજરોજ કરેલ. તે માટે માર્કેટયાર્ડમાં તાલુકાના વિવિધ ગામો અને શહેરમાંથી વિશાળ સંખ્યામાં ખેડૂતો, પદાધિકારીઓ, માર્કેટયાર્ડ વેપારી મંડળના સભ્યો, માર્કેટયાર્ડના અને અન્ય સહકારી સંસ્થાના ડાયરેકટરો, સહકારી મંડળીના પ્રમુખો અને મંત્રીઓની વિશાળ હાજરી વચ્ચે કાર્યક્રમ શરૂ થતાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે મહાત્મા મંદિર, ગાંધીનગર કે જયાં આજરોજ દેશમાંથી વિવિધ રાજયના સહકાર મંત્રીઓ, લેફટનન્ટ ગવર્નરો, સચિવોની ઉપસ્થિતિમાં એક મંથન બેઠકનું આયોજન કરેલ ત્યાંથી ઈ–ખાતમુહૂર્ત કરેલ. સરકારના સહકારથી સમૃદ્ધિ સંકલ્પને સિધ્ધ કરવા ખૂબ જ મહત્વકાંક્ષી યોજના અન્વયે નિર્માણ થનાર ૫૦૦૦ મેટ્રિક ટનના આ ગોડાઉનમાં સરકાર તરફથી રૂપિયા ૧.૬૨ કરોડની સબસીડી મળશે અને ગોડાઉન નિર્માણ થવાથી ખેડૂતો, વેપારીઓને પોતાનો માલ સંગ્રહવા માટે ખૂબ જ ઉપયોગી થાય તેવી દીર્ઘકાલીન સુવિધા છે. જેનું ઈ–ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ કરશે તેવો સંદેશો મળતા માર્કેટયાર્ડ તરફથી ચેરમેન દીપકભાઈ માલાણીનાં માર્ગદર્શન હેઠળ ત્વરિત ગતિએ સમગ્ર કાર્યક્રમનું આયોજન એપીએમસીમાં કરવામાં આવતા માર્કેટયાર્ડના વિશાળ શેડમાં ફૂલ સાઈઝની એલઈડી સ્ક્રીન, કેમેરા, બેનર્સ વિગેરે સુવિધા ઉપસ્થિત વિશાળ જનસભાએ સમગ્ર કાર્યક્રમમાં ભાગ લીધેલ. હાલ ગુજરાત વિધાનસભા સત્ર ચાલુ હોવાથી ધારાસભ્ય મહેશ કસવાલાએ આ પ્રસંગે સંદેશો પાઠવી શુભેચ્છા આપેલ છે.

આ કાર્યક્રમમાં વાઈસ ચેરમેન મહેશભાઈ લાખાણી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાની, લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, પૂર્વ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, પ્રતિકભાઈ નાકરાણી સહિત સાવરકુંડલા શહેર અને તાલુકા ભાજપના હોદેદારો, શરદભાઈ પંડયા, પરાગભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ માંગુકીયા, કેશુભાઈ વાઘેલા, દેવચંદભાઈ કપોપરા, કરશનભાઈ ડોબરીયા, સુરેશભાઈ ગજેરા, રાઘવભાઈ સાવલિયા સહિત અગ્રણીઓ, એપીએમસી સાવરકુંડલા અને તાલુકા સંઘના ડિરેકટરો મહેશભાઈ કાછડીયા, જસુભાઈ ખુમાણ, ચેતનભાઈ માલાણી, આર.વી. રાદડીયા, બાબુભાઈ માલાણી, અતુલભાઈ રાદડીયા, અશ્વિનભાઈ માલાણી, મનસુખભાઈ દેસાઈ, બટુકભાઈ રૂપારેલિયા, મહેશભાઈ જેબલીયા, ધીરૂભાઈ વોરા, તાલુકા પંચાયત સદસ્યો, નગરપાલિકા સદસ્યો, જિલ્લા રજીસ્ટ્રર કચેરી અમરેલીના સહકારી અધિકારી ચિરાગભાઈ બારડ અને મિતભાઈ ભદ્રેશ્વરા, એપીએમસી સાવરકુંડલાના સેક્રેટરી અને તાલુકા સંઘના મેનેજર અને સ્ટાફગણ, તાલુકાની સેવા સહકારી મંડળીઓના પ્રમુખો અને સભ્યો સહિત તાલુકાના ખેડૂત ભાઈઓ, વેપારીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માર્કેટયાર્ડ સ્ટાફ, વેપારી મંડળ, પાર્ટી સંગઠન કાર્યકરો, નગરપાલિકાના હોદેદારો, માર્કેટયાર્ડ અને તાલુકા સંઘના હોદેદારોએ જહેમત ઉઠાવેલ. અંતમાં ચેરમેન દીપકભાઈ માલાણીએ પોતાનો સંદેશ આપી ખૂબ જ ટૂંકા ગાળાની નોટિસમાં આટલી વિશાળ જન સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમગ્ર સભાજનોની સરાહના કરી આવકારેલ અને ઉપસ્થિત તમામનો આભાર વ્યકત કરેલ.

## ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ગુરૂવારે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા.૧૯/૨/૨૦૨૬ને ગુરૂવારે સવારના ૮ થી બપોરનાં ૧૨ સુધી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય ટ્રસ્ટ અમરેલી દ્વારા સંયુકત આયોજન કરવામાં આવેલ હોય દર્દીઓએ આધાર પુરાવા સાથે લાભ લેવા સમયસર પહોંચી જવા આયોજકો દ્વારા જણાવવામાં આવેલ છે. મોતીયોનુ ઓપરેશન (નેત્રમણી) વિના મૂલ્યે કરી અપાશે. નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી અપાશે.





જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49


















### ભારત-ફ્રાન્સ વચ્ચે ઐતિહાસિક સમજૂતી

# ભારત-ફ્રાન્સ બનાવશે એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડનારું હેલિકોપ્ટર

## આ દરમિયાન બંને નેતાઓએ બંને દેશોને ગતિ આપતા નિર્ણયોની જાહેરાત કરી છે

નવીદિલ્હી,તા.૧૭

ભારતના ચાર દિવસના પ્રવાસે આવેલા ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે આજે મુંબઈના લોકભવનમાં ઐતિહાસિક મુલાકાત યોજાઈ હતી. ત્યારબાદ બંનેએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન બંને નેતાઓએ બંને દેશોને ગતિ આપતા નિર્ણયોની જાહેરાત કરી છે.રાષ્ટ્રપ્રમુખ મેક્રોન સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાને કહ્યું કે, 'ફ્રાન્સ ભારતનું સૌથી જૂનું વ્યૂહાત્મક ભાગીદારોમાંથી એક છે. આજે અમે બંને દેશોના સંબંધોને એક વિશેષ, વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારી તરીકે સ્થાપિત કરી રહ્યા છીએ. આનાથી વૈશ્વિક સ્થિરતા અને પ્રગતિની ભાગીદારીમાં વધારો થશે. અમે મેક્રોન સાથે મળીને ભારત-ફ્રાન્સની વ્યૂહાત્મક ભાગીદારીને અભૂતપૂર્વ ઊર્જા આપી છે.વડાપ્રધાન મોદીએ H-૧૨૫ હેલિકોપ્ટરની ડીલ અંગે કહ્યું કે, 'અમે ગર્વ છે કે, ભારત અને ફ્રાન્સ મળીને માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઊડતું વિશ્વ પહેલું હેલિકોપ્ટર બનાવશે અને પછી તેને વિશ્વભરમાં આયાત કરીશું. બંને દેશો વચ્ચે કોઈપણ સરહદ નથી. અમે થોડા દિવસો પહેલા યુરોપીય સંઘ (EU) સાથે મુક્ત વેપાર કરાર કર્યા, ત્યારે આ કરાર ભારત-ફ્રાન્સના સંબંધોમાં અભૂતપૂર્વ ગતિ લાવશે.'તેમણે વધુમાં કહ્યું કે, 'ઈનોવેસન આઈસોલેશનથી નહીં, પરંતુ કોલેબોરેશનથી આવે છે. અમે દરેક ક્ષેત્રમાં સ્વદેશી ઉદ્યોગો અને નવીનતાને પ્રોત્સાહન આપીશું. બંને દેશોના વિદ્યાર્થીઓ અને સંશોધકો વચ્ચેના વિનિમયની પ્રક્રિયા વધુ સરળ બનાવીશું.

આજે વિશ્વ અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહી છે, ત્યારે અમે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ (IMEC) દ્વારા સમૃદ્ધિમાં વધારો કરતા રહીશું.'પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીએ આતંકવાદ અને વિશ્વના જુદા જુદા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધની સંભાવના તરફ ઈશારો કર્યો છે. તેમણે કહ્યું કે, 'યુક્રેન, પશ્ચિમ એશિયા તેમજ ઈન્ડો-પેસિફિક સહિત તમામ ક્ષેત્રમાં શાંતિના પ્રયાસોનું સમર્થન કરતા રહીશું. આતંકવાદના તમામ રૂપને જળથી ઉખેડી ફેંકવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. અમે ટૂંક સમયમાં ફ્રાન્સમાં સ્વામી વિવેકાનંદ કલ્ચર શરૂ કરવાની તૈયારી કરી દીધી છે. આજે અમે મળીને નવા અધ્યાયનો શુભારંભ કરી રહ્યા છીએ.'

પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, 'આપણે હેલ્થમાં છૈં માટે ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર, ડિજિટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર અને એરોનોટિક્સમાં કૌશલ્ય વર્ધન માટે નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ લોન્ચ કરીશું.' વડાપ્રધાને આ પ્રોજેક્ટ્સને ભવિષ્યના નિર્માણ માટેના પ્લેટફોર્મ ગણાવ્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું કે આજે જ્યારે વિશ્વ અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત-ફ્રાન્સની આ ભાગીદારી વૈશ્વિક સ્થિરતા માટે એક મજબૂત તાકાત તરીકે ઉભરી રહી છે.

### કર્ણાટક કોર્ટે આપ્યો ચુકાદો

# રાહુલ ગાંધી સામે ભાજપનો માનહાનિ કેસ રદ

## આ વિવાદિત જાહેરાતોને રાહુલ ગાંધી એ પોતાના X એકાઉન્ટ પર શેર કરી હતી

કર્ણાટક,તા.૧૭

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને મોટી રાહત આપતાં કર્ણાટક હાઈકોર્ટ એ ભારતીય જનતા પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવેલ માનહાનિનો કેસ રદ કકરવામાં આવ્યો છે. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આવેલા આ ચુકાદામાં હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે રાહુલ ગાંધી સામે ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી એ ''કાનૂની દુરુપયોગ'' સમાન હશે.આ કેસ ૨૦૨૩માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન પ્રકાશિત થયેલી જાહેરાતો સાથે જોડાયેલો છે. ભાજપના રાજ્ય એકમે આરોપ મૂક્યો હતો કે મુખ્ય પ્રવાહના અખબારોમાં છપાયેલી ''ભ્રષ્ટાચાર દર કાર્ડ'' શીર્ષકની જાહેરાતોમાં તત્કાલીન ભાજપ સરકાર સામે ખોટા અને પાયાવિહોણા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ જાહેરાતોમાં ભાજપ સરકારને ''૪૦ ટકા સરકાર'' કહીને ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન રાજ્યમાંથી ૧.૫૦ લાખ કરોડથી વધુની લૂંટ ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.આ વિવાદિત જાહેરાતો કર્ણાટક પ્રદેશ કૉંગ્રેસ કમિટી દ્વારા જાહેર કરવામાં આવી હતી. તે સમયે પાર્ટીના પ્રમુખ ડી, કે શિવકુમાર અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સિદ્ધારમૈયા હતા. આ જાહેરાતોને રાહુલ ગાંધી એ પોતાના X એકાઉન્ટ પર શેર કરી હતી, જેના આધારે તેમને આરોપી નંબર ૪ તરીકે કેસમાં સામેલ કરવામાં આવ્યા હતા. જસ્ટિસ એસ સુનિલ દત્ત યાદવ એ રાહુલ ગાંધી દ્વારા દાખલ કરાયેલી અરજી મંજૂર કરતાં કહ્યું કે સરકારના વહીવટની ટીકા કરવી એ સ્વતંત્ર અભિવ્યક્તિનો ભાગ છે અને તેને આપમેળે માનહાનિ ગણાવી શકાય નહીં. કોર્ટે નોંધ્યું કે ફરિયાદમાં ઉલ્લેખિત જાહેરાતો સરકારના કાર્ય પર ટીકા છે, વ્યક્તિગત બદનક્ષી નથી.

રાહુલ ગાંધીની અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ હેઠળ ''સદ્ભાવનાથી કરવામાં આવેલી ટીકા'' માટે છૂટ આપવામાં આવી છે. ઉપરાંત, કોર્ટે સ્વીકાર્યું કે ભાજપ એક રાજકીય પક્ષ તરીકે રાજ્ય સરકાર વતી માનહાનિનો કેસ ચલાવવાની સત્તા ધરાવતું નથી. જો માનહાનિનો કેસ બનતો હોય તો તે માત્ર રાજ્ય સરકાર દ્વારા જ દાખલ થઈ શકે કોઈ ખાનગી રાજકીય પક્ષ દ્વારા નહીં. જૂન ૨૦૨૩માં રાહુલ ગાંધીને બેંગલુરુની વિશેષ અદાલતમાં હાજર થવું પડ્યું હતું, કારણ કે તેઓ સમન્સનો જવાબ આપી શક્યા નહોતા. જોકે, ડિસેમ્બર ૨૦૨૪માં અદાલતે તેમને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી હતી. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૫માં કર્ણાટક હાઈકોર્ટે સમગ્ર કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો, જે હવે અંતિમ ચુકાદા સાથે રદ થઈ ગઈ છે.

### દુકાન-સંસ્થા (સુધારા) બિલ પસાર

# કામના કલાકોની મર્યાદા ૯થી વધારીને ૧૦ કલાક, મહિલાઓને નાઇટ શિફ્ટની મંજૂરી

## ઓવરટાઇમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરાઈ છે

અમદાવાદ,તા.૧૭

ગુજરાત વિધાનસભામાં આજે મંગળવારે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. જે મુજબ હવે દૈનિક કામના કલાકોની મર્યાદા ૯થી વધારીને ૧૦ કલાક કરાઈ છે, ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરાઈ છે. અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે.

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ બિલની ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો, આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગૃહની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માગ સાથે પોસ્ટરો બતાવી વિરોધ વ્યક્ત કર્યો હતો.શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦થી ઓછા શ્રમયોગીઓ–કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે. સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદા ૯ કલાકથી વધીને ૧૦ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાકથી વધારીને ૬ કલાક કરવામાં આવી છે. 'આ ઉપરાંત ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.'

મંત્રીના જણાવ્યા મુજબ, 'કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.

### પલવલમાં દુષિત પાણીથી રોગચાળો ફાટી નીકળ્યો

# હરિયાણામાં પણ ઇન્દોર જેવો કાંડ દુષિત પાણીથી ૧૨ લોકોનાં મોત

## મૃતકોમાં પાંચ બાળકોનો પણ સમાવેશ, રાજ્યના સ્વાસ્થ્ય વિભાગની ટીમ, ડોક્ટરો તૈનાત કરવામાં આવ્યા

પલવલ,તા.૧૭

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં દુષિત પાણી પીવાને કારણે અનેક લોકો માર્યા ગયા હતા. આ કાંડની સમગ્ર દેશમાં ચર્ચા હતી ત્યારે હવે હરિયાણામાં પણ ઈન્દોર જેવી જ ઘટના સામે આવી છે. માહિતી મુજબ હરિયાણાના પલવલમાં દુષિત પાણીને કારણે ૧૨ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક લોકો બીમાર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃત્યુઆંક એક બે દિવસ નહીં પણ સપ્તાહથી વધુનો હોવાના અહેવાલો છે. હરિયાણાના પલવલમાં જે ૧૨ લોકો માર્યા ગયા તેમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. જેમાં ચાર લોકોના મોત હેપેટાઈટિસ-બીને કારણે થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પલવલ જિલ્લામાં છાંયસા ગામમાં બીમારીના કેસો સામે આવ્યા છે જેની તપાસ માટે સ્વાસ્થ્ય વિભાગની ટીમને ગામમાં તૈનાત કરવામાં આવી છે. ગામમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી છે. જોકે કેટલાક ગ્રામીણોંનો દાવો છે કે મૃતકોની સંખ્યા આનાથી વધુ છે અને તેમાં કેટલાક યુવા વયના પણ સામેલ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ મૃતકોમાં ચાર લોકોના મોતનું કારણ હેપેટાઈટિસ-બી હોવાનું સામે આવ્યું છે. અન્ય ત્રણ મામલાઓમાં મોતનું કારણ તપાસ બાદ જ સામે આવી શકશે. હાલમાં દુષિત પાણી જવાબદાર હોવાની શક્યતાઓને નકારી ના શકાય તેમ પણ અધિકારીઓએ કહ્યું હતું. હેપેટાઈટિસ-બી એક ગંભીર સંક્રમણ છે, જે વાયરસને કારણે ફેલાતો હોય છે. હાલમાં આ વિસ્તારમાં રાજ્યના સ્વાસ્થ્ય વિભાગની ટીમ લોકોના લોહીના નમૂના લઈ રહી છે અને તપાસ કરી રહી છે. જે વિસ્તારમાં આ ઘટના સામે આવી છે ત્યાં છ હજારથી વધુ લોકો રહે છે જેથી તમામ લોકોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

### વકીલોની ડ્રાફ્ટિંગ ગુણવત્તામાં ઘટાડો

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ખોટા ઉપયોગથી હવે સુપ્રીમ કોર્ટ પણ પરેશાન

## આ મુદ્દો ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચમાં ઉઠ્યો હતો જેમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ બી.વી. નાગરત્ના પણ સામેલ હતા

નવી દિલ્હી,તા.૧૭

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ખોટા ઉપયોગથી હવે સુપ્રીમ કોર્ટ પણ પરેશાન થઈ ગઈ છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે ખુલાસો કર્યો હતો કે, વકીલો દ્વારા AI ની મદદથી તૈયાર કરવામાં આવેલી અરજીઓમાં એવા ચુકાદાઓના સંદર્ભો આપવામાં આવી રહ્યા છે, જે વાસ્તવમાં ક્યારેય લેવાયા જ નથી એટલે કે તે સંપૂર્ણપણે નકલી છે. આ મુદ્દો ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચમાં ઉઠ્યો હતો. જેમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ બી.વી. નાગરત્ના પણ સામેલ હતા.સીજેઆઈ સૂર્યકાંતે AI દ્વારા તૈયાર કરાયેલી અરજીઓ અને તેમાં ટાંકવામાં આવેલા નકલી ચુકાદાઓ અંગે કહ્યું હતું કે, "અમે એ વિચારીને પરેશાન છીએ કે કેટલાક વકીલોએ AI થી ડ્રાફ્ટિંગ કરવાનું શરૂ કરી દીધું છે. આ અત્યંત ગંભીર અને ખોટું છે." આ દરમિયાન જસ્ટિસ નાગરત્નાએ ઉમેર્યું હતું કે, તેમને તાજેતરમાં એક 'મર્સી વિરુદ્ધ મેનકાઈન્ડ' ચુકાદાનો સંદર્ભ મળ્યો હતો, જે વાસ્તવમાં અસ્તિત્વમાં જ નથી. સીજેઆઈ સૂર્યકાંતે વધુમાં જણાવ્યું હતું કે આવી જ એક ઘટના જસ્ટિસ દીપાંકર દત્તાની કોર્ટમાં પણ બની હતી. તેમણે કહ્યું કે, "એક નહીં પરંતુ અનેક એવા ચુકાદાઓ ટાંકવામાં આવ્યા જે નકલી હતા." જસ્ટિસ નાગરત્નાએ અન્ય એક કેસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ઘણી વખત ચુકાદાનો સંદર્ભ સાચો હોય છે, પરંતુ તે ચુકાદા વિશે જે 'કોટ' આપવામાં આવ્યા હોય છે તે નકલી હોય છે. આના કારણે જજો પર કામનું ભારણ વધ્યું છે કારણ કે તેમણે દરેક સંદર્ભની સત્યતા તપાસવી પડે છે.જસ્ટિસ બાગચીએ ચિંતા વ્યક્ત કરી હતી કે, આજકાલ લીગલ ડ્રાફ્ટિંગની કળાને મોટું નુકસાન પહોંચ્યું છે. તેમણે સ્પેશિયલ લીવ પિટિશન નો હવાલો આપતા કહ્યું કે તે જૂના ચુકાદાઓના કોટેશન્સથી ભરેલી હોય છે. તેમણે વરિષ્ઠ એડવોકેટ અશોક કુમાર સેન જેવા દિગ્ગજ વકીલોને યાદ કર્યા હતા, જેમના ડ્રાફ્ટ સચોટ, ટૂંકા અને મૌલિક હતા.નોંધનીય છે કે, તાજેતરમાં જ બોમ્બે હાઈકોર્ટે AI દ્વારા તૈયાર કરવામાં આવેલા નકલી કોટેશનના ઉપયોગ બદલ અરજદાર પર દંડ ફટકારવામાં આવ્યો હતો. ન્યાયતંત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો છે, પરંતુ તેની વિશ્વસનીયતા સામે હવે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે.

### ફોર્ટિસ અને ૧૬ શાળાઓ હાઇ એલર્ટ પર

# પંજાબના મુખ્યમંત્રીને ધમકીભર્યો ઈમેલ મળ્યો

## ઈમેલમાં વધુમાં જણાવાયું છે કે જો CM બચી જાય તો તેઓ અગાઉ થયેલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓની જેમ પગલાં લેશે

મોહાલી,તા.૧૭

મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલ ખાતે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેલ માં કેમિકલ પોલોનિયમનો દાવો કરવામાં આવ્યો છે. ઈમેલમાં વધુમાં જણાવાયું છે કે જો CM બચી જાય તો તેઓ અગાઉ થયેલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓની જેમ પગલાં લેશે.

અમે સવારે ૧૧ વાગ્યે મોહાલીમાં સ્કૂલ અને ફોર્ટિસ હોસ્પિટલ પર બોમ્બ ફેંકીશું. પંજાબ હવે ખાલિસ્તાન બની જશે. શાળાઓની સાથે, ભગવંત માન માટે ફોર્ટિસ હોસ્પિટલ પણ ઉડાવી દેવામાં આવશે. લોકો, તમારા બાળકોને બચાવો અને આજે મોહાલીમાં શાળાઓ બંધ રાખો. અમે ફોર્ટિસમાંથી ભગવંત માનના મૃતદેહને દૂર કરીશું. માન પોલોનિયમથી સંક્રમિત થયા છે. જો તે બચી જશે, તો અમે બેઅંત (બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી) સાથે જે રીતે કર્યું હતું તે જ કરીશું. ખાલિસ્તાન જનમતનો બદલો લેવામાં આવશે. ગુંડાઓના પોલીસ એક્રાઉન્ટરનો બદલો લેશે.

ઈમેઈલમાં નીચે ખાલિસ્તાન નેશનલ આર્મીનું નામ લખેલું છે. એન્જિનિયર ગુરનાખ સિંહ, રુકન શાહવાલા, ડૉ. ગુરમીરવીર સિંહ અને ખાન રાજદાનો પણ ઉલ્લેખ છે.

ઈ-મેલમાં કરાયેલ ઉલ્લેખ મુજબ, કેમિકલ પોલોનિયમએ ખૂબજ સક્રિય રેડિયોએક્ટિવ મેટેલોઈડ છે. જે પોલોનિયમ રાસાયણિક રીતે ટેલુરિયમ અને બિસ્મથ જેવું જ છે, અને તેનો ઉપયોગ એન્ટિસ્ટેટિક ઉપકરણો સહિત અને ન્યુટ્રોન સ્ત્રોત તરીકે પરમાણુ ભૌતિકશાસ્ત્રમાં થાય છે.

કેમિકલ પોલોનિયમએ માનવ શરીરના અનેક અંગોને તેના ઈંજેક્ટ કરેલ માત્રા અનુસાર બોડીમાં રીએક્ટ કરે છે. થોડું પોલોનિયમ પણ માણસ માટે જનલેવા સાબિત થાય છે, જેથી DNA ભંગ, અનેક અંગોને હાનિ, જો વ્યક્તિને ધુમ્રપાન કરતો હોયતો કેન્સરના લક્ષણો પેદા કરી શકે છે.

મોહાલીની પોલીસે તાત્કાલિક પગલાં લીધા છે. ફોર્ટિસ હોસ્પિટલ ને ઘેરી લીધો છે અને પાંચ બોમ્બ સ્ક્વોડ સક્રિય છે. CMનું સ્થળ સુરક્ષિત છે અને તેમની સુરક્ષા માટે તમામ તબક્કે એલર્ટ છે. મોહાલીની SP દિલપ્રીત સિંહે જણાવ્યું કે CMને બીજી હોસ્પિટલમાં ખસેડવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સુરક્ષા ટીમો અને પોલીસ સતત સક્રિય છે.

ફોર્ટિસસિવાય મોહાલીની ૧૬ શાળાઓને પણ બોમ્બથી ખતરાનું સંદેશો મળ્યો છે. શાળાઓને તાત્કાલિક રજા આપવામાં આવી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓને સલામત રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

''અમે સવારે ૧૧ વાગ્યે મોહાલીની શાળાઓ અને ફોર્ટિસ હોસ્પિટલ ને બોમ્બથી ઉડાવી દઈશું. પંજાબ હવે ખાલિસ્તાન બનશે. શાળાઓની સાથે, ઝસ માટે ફોર્ટિસ પણ ઉડાવી દેવાશે. લોકોએ પોતાના બાળકોને બચાવવા જોઈએ.''

ઈમેલમાં ખાલિસ્તાન નેશનલ આર્મીનો ઉલ્લેખ છે, અને કેટલાક નામો પણ આપવામાં આવ્યા છે જેમ કે એન્જિનિયર ગુરનાખ સિંહ, રૂકન શાહવાલા, ડૉ. ગુરમીરવીર સિંહ અને ખાન રાજદાનો.

આ ઘટનાના દિવસમાં, CBSE ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ધોરણ ૧૦નું ગણિત પેપર સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થયું. શાળા સંચાલકો અને વાલીઓ ભય અને સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં લઈને ખૂબ જ સાવચેત રહ્યા.

તમામ શાળાઓ, હોસ્પિટલ અને જાહેર સ્થળો પર સુરક્ષા વધારવામાં આવી છે. વાલીઓ પોતાના બાળકોને સુરક્ષિત રાખે. વિદ્યાર્થીઓ CBSE પરીક્ષા માટે નિયમિત સમયસર પહોંચે, પરંતુ સુરક્ષા નિયંત્રણોનું પાલન કરે.

# પોરબંદરના દરિયામાંથી મળ્યું અધધ ૨૦૦ કિલોથી વધુનું ડ્રગ્સ

## આ દુર્ઘટના સુદાનના ઉત્તરી પ્રાંતમાં બની : હોડીમાં ક્ષમતા કરતા વધુ એટલે કે અંદાજે ૨૭ જેટલા મુસાફરો હતા

અમદાવાદ,તા.૧૭

ગુજરાત ATS અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સફળ હાઈ સીઝ નાર્કોટિક્સ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડે સાથે મળીને પોરબંદરના દરિયા વિસ્તારમાંથી ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. આ ડ્રગ્સના જથ્થાની સાથે બે લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું પણ સામે આવી રહ્યું છે.

થોડા સમયમાં ગુજરાત એટીએસ ડ્રગ્સના જથ્થાની સાથે ઝડપાયેલા શખ્સોને પણ પોરબંદર લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.ફરીથી એકવાર ડ્રગ્સ માફિયાઓએ ડ્રગ્સનો કાળો કારોબાર ચલાવવા માટે ગુજરાતના દરિયાનો ઉપયોગ કર્યો છે. જોકે, આ અંગે ગુજરાત છ્જી અને ભારતીય કોસ્ટ ગાર્ડને સફળ હાઈ સીઝ નાર્કોટિક્સ ઓપરેશનમાં સફળતા મળી છે.

ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટ ગાર્ડે ૨૦૦ કિલોથી વધારેનું ડ્રગ્સ ઝડપાયું છે.ડ્રગ્સ સાથે ઝડપાયેલા શખ્સો ઈરાન કે પાકિસ્તાનના હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. જોકે, આ લોકો ક્યાંથી આ ડ્રગ્સ લાવ્યા હતા અને આ જથ્થો ક્યાં પહોંચાડવાનો હતો તે અંગે હાલ તપાસ ચાલી રહી છે. આ તપાસ માટે એફએસએલની ટીમ પણ પહોંચી છે.નોંધનીય છે કે,

ગુજરાતના દરિયાકાંઠેથી ડ્રગ્સ ઘુસાડવાની પ્રવૃત્તિની સાથે સાથે ગુજરાતમાં ગેરકાયદે સિન્થેટીક ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પણ ઝડપાઈ રહી છે. વર્ષ ૨૦૨૫માં જ ગુજરાતમાંથી ૨૨૪૦ કરોડ રૂપિયાની કિંમતનું સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ગેરકાયદે ધમધમતી અડધો ડઝન જેટલી ફેક્ટરીઓ પકડી પાડવામાં આવી હતી. આ ફેક્ટરીઓમાંથી ૨૨૪૦ કરોડ રૂપિયાનું ૨૦૮૨૩ કિલો સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી કુલ ૧૩,૯૩૯ કરોડ રૂપિયાની કિંમતનું ૧.૭૪ લાખ કિલો સિન્થેટીક ડ્રગ્સ એજન્સીઓએ પકડી પાડ્યું છે.

### એક જ દિવસમાં ૮ લોકો બચકા ભર્યા

# દેવભૂમિ દ્વારકાના સલાયામાં રખડતા શ્વાનનો હાહાકાર

## સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ શ્વાનોના નિયંત્રણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી

દેવભૂમિ દ્વારકા,તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રખડતા શ્વાનોના આતંકે માઝા મૂકી છે. સલાયામાં શ્વાનોના હુમલાની ઘટનાઓએ રહીશોમાં ભારે ફફડાટ ફેલાવ્યો છે. ગત રોજ સલાયામાં એક જ દિવસમાં શ્વાનોએ નાના બાળકો અને વૃદ્ધો સહિત કુલ ૮ લોકોને બચકા ભરી લોહીલુહાણ કરતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, છેલ્લા ઘણાં દિવસમાં ૯૭ જેટલા લોકો શ્વાન કરડવાનો ભોગ બન્યા છે. ગલીઓ, મુખ્ય રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં શ્વાનોના ટોળેટોળા જોવા મળી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ શ્વાનોના નિયંત્રણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી.શ્વાનોના વધતા ત્રાસને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. માતા-પિતા હવે બાળકોને શેરીમાં એકલા રમવા મોકલતા ડરી રહ્યા છે. સવાર-સાંજ ચાલવા નીકળતા વડીલો પર હુમલાની ભીતિ સેવાઈ રહી છે. શ્વાન કરડ્યા બાદ હોસ્પિટલના ધક્કા અને મોંઘી સારવારને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર આર્થિક બોજ પણ વધી રહ્યો છે. નિષ્ણાંતોના મતે શ્વાન કરડવાની ઘટનાને હળવાશથી લેવી જોઈએ નહીં. શ્વાનની લાળમાં રહેલો રેબિઝ વાયરસ અત્યંત જીવલેણ છે.

# સાબરમતી નદીના બ્રિજ પરથી એક ઓટો રિક્ષા અકસ્માતે રેલિંગ તોડીને નદીમાં ખાબકી

## તંત્રની ભૂલ અને બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરમાં એક ગંભીર અકસ્માત સર્જાયો છે. ચીલોડાથી સેક્ટર ૩૦ સર્કલ જતા સાબરમતી નદીના બ્રિજ પરથી એક ઓટો રિક્ષા અકસ્માતે રેલિંગ તોડીને નદીમાં ખાબકી હતી. આ દરમિયાન ફાયર બ્રિગેડ અને પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બચાવકાર્ય શરૂ કર્યું. બ્રિજનું રિપેરિંગ ચાલતું હોવાથી બ્રિજની બંને બાજુ પતરા માર્યા હતા. તંત્રની ભૂલ અને બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. મળતી માહિતી અનુસાર, સેક્ટર-૩૦ સર્કલ જતા સાબરમતી નદીના બ્રિજ ઉપરથી એક ઓટો રિક્ષા અકસ્માતે રેલિંગ તોડીને નદીના પાણીમાં ખાબકી હતી. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. બંનેએ બચાવ કામગીરી હાથ ધરી છે. અકસ્માતના કારણે બ્રિજ પર ટ્રાફિક જામ ના થાય અને અન્ય કોઈ અકસ્માતનો બનાવ ના બને તે માટે પોલીસ ટીમ દ્વારા તકેદારી કામગીરી કરવામાં આવી છે.

### ૮ રાજ્યમાં વરસાદની આગાહી

# દેશના હવામાન પર ફરીથી હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યો

## ખેતરોમાં યોગ્ય વ્યવસ્થા કરો અને વીજળી પડી શકે તે જોખમને ધ્યાનમાં રાખીને સાવધ રહેવું ખાસ કરીને ખેતરમાં કામ કરતા ખેડુતો માટે સાવચેતી જરૂરી છે

મુંબઈ,તા.૧૭

આ રાજ્યોમાં વીજળી સાથે ભારે વરસાદ થવાની સંભાવના છે, જેના કારણે લોકોને સ્થાનિક પૂર અને પાણી ભરાવાથી સાવધ રહેવું જરૂરી છે. હવામાન વિભાગ મુજબ, આ વિસ્તારોમાં તાપમાનમાં અચાનક ફેરફાર અને જોરદાર પવન સાથે વરસાદ થવાની શક્યતા છે.હવામાન વિભાગે આ રાજ્યોમાં રહેનારા લોકોને સલાહ આપી છે કે ભારે વરસાદ દરમિયાન બહાર ન નીકળો, પોતાના ઘરો અને ખેતરોમાં યોગ્ય વ્યવસ્થા કરો અને વીજળી પડી શકે તે જોખમને ધ્યાનમાં રાખીને સાવધ રહેવું. ખાસ કરીને ખેતરમાં કામ કરતા ખેડુતો માટે સાવચેતી જરૂરી છે.જ્યારે દેશના કેટલાક અન્ય વિસ્તારોમાં ગરમીનો પ્રભાવ વધવાની શક્યતા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં દિવસ દરમિયાન તાપમાન વધવાની સંભાવના છે. હવામાન નિષ્ણાતોના અનુસાર, આગામી અઠવાડિયાંમાં આ વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ પાર પહોંચી શકે છે. આથી આરોગ્ય પર અસર પડી શકે છે, તેથી લોકો હાઈડ્રેશન અને સૂર્યપ્રકાશથી બચાવના ઉપાયો અપનાવશે.આ વચ્ચે, દેશના અન્ય વિસ્તારોમાં હવામાન સામાન્ય રહેશે, પરંતુ પહાડી વિસ્તારોમાં હળવો વરસાદ અને બરફપાત થવાની શક્યતા છે. હવામાન નિષ્ણાતો લોકોએ સાવધ રહેવાનું અને હવામાન સંબંધિત અપડેટ્સ નિયમિત રીતે જોવાનું સલાહ આપી રહ્યા છે.આગામી કેટલાક દિવસોમાં હરિયાણા અને પંજાબ સહિત આઠ રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર છે, જ્યારે દેશના કેટલાક અન્ય વિસ્તારોમાં ગરમી વધવાની સંભાવના છે. હવામાન સતત બદલાતું રહે છે, તેથી સાવધ રહેવું અત્યંત જરૂરી છે.

### કોંગ્રેસનાં રાજય પ્રભારી મુકુલ વાસનિક કહે છે

# મોદી સરકારે ભારતને આત્મનિર્ભરનાં સ્થાને અમેરિકા નિર્ભર બનાવી દીધુ

## ખેડૂતો, ગરીબોના હિતમાં કોંગ્રેસ સતત કામ કરશે : અમિત ચાવડા



અમદાવાદ, તા. ૧૭

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારી મુકુલ વાસનિકજીએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેડુતો હેરાન છે, મહિલા સાથે ઉત્પીડન થઈ રહ્યું છે, યુવાનો ગરીબો છે, બેરોજગારી માંજા મુકી ગઈ છે, ભ્રષ્ટચાર ચરમ સીમાએ છે પંરતુ ભુપેન્દ્ર પટેલની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકાર કુંભકર્ણની નિદ્રામાં છે. નરેન્દ્ર મોદીએ ભારતને આત્મનિર્ભર કરવાને બદલે ભારતને અમેરીકા નિર્ભર બનાવી દિધો છે. અમેરીકા ભારત સાથે ટેરિફ ડિલ કરી. આ ટ્રેડ ડિલ પ્રમાણ અમેરિકાએ ભારત પર ૧૮ ટેરિફ લગાડ્યો જયારે ભારતે અમેરીકા પર શુન્ય ટેરિફ લગાવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ત્યા સુધી સંઘર્ષ કરશે જયા સુધી ગુજરાતમાંથી ભૂપેન્દ્ર પટેલની સરકારને સતામાંથી દૂર ન કરી દઈએ.

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીમાં જન આક્રોશ સભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદથી પીડિત ખેડૂતો માટે સૌરાષ્ટ્રમાં ૧૧૦૦ કિલોમીટરની સોમનાથથી દ્વારકા સુધીની કિસાન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તર ગુજરાતમાં ઢીમાથી બહુચરાજીની ૧૩૦૦ કિલોમીટર જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. મપ્રય ગુજરાતમાં ફાગવેલથી કંબોઈ ગામ સુધીની ૧૪૦૦ કિલોમીટરની જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી ભાજપ સરકારના શાસનમાં સામાન્ય લોકોના જીવનમાં ભય, અન્યાય અને તકલીફો વધી છે. રાજય આજે વિકાસના દાવાઓની પાછળ છુપાયેલા કડવા સત્યનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાએ વિસ અને આશાભેર સરકારને બહુમતી આપી હતી, પરંતુ આજે લોકો રોજગાર, ખેતી, શિક્ષણ, આરોગ્ય અને સલામતી જેવી મૂળભૂત જરૂરિયાતોથી વંચિત છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના નેતાઓએ નલ સે જલ યોજના ને નળ સે ધન યોજના બનાવી દીધી છે. આદિવાસી યુવાનો બેરોજગારીથી ત્રસ્ત છે, ખેડૂતો દેવામાં ડૂબ્યા છે, મહિલાઓની સુરક્ષા જોખમમાં છે.વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ દ્વારા આદિવાસી શ્રમિકો પર સતત અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. જે લોકો પેઢીઓથી જંગલને પોતાનું ઘર માને છે, જંગલ પર જ જીવિકા ચલાવે છે, એ જ લોકોને આજે જંગલમાં પ્રવેશ કરતા રોકવામાં આવે છે. ભાજપ સરકાર કમિશન ખોર સરકાર છે. તડકેશ્વરમાં પાણીની ટાંકી તુટીએ તમે કોન્ટ્રકટરે કમલમમાં એક લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ડબલ એન્જીનની સરકારે ખેડુતો સાથે સહાય પેકેજના નામે ખુલ્લી મશ્કરી કરી રહી છે. કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે પાક નિષ્ફળ જવાની આફત આવે છે, ત્યારે સરકાર દ્વારા મોટા ઉપાડે કરોડો રૂપિયાના 'સહાય પેકેજ'ની જાહેરાતો તો કરવામાં આવે છે.

ગાંધીનગર ખાતે આયોજિત જન આક્રોશ સભામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અદયક્ષ જીગ્નેશ મેવાણી, ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, એઆઈસીસીના મંત્રી રામકિશન ઓઝા, શુભાષીની યાદવ, દેવેન્દ્ર યાદવ, બી વી નિવાસ, પૂર્વ સાંસદ એમિબેન યાજ્ઞિક, એનએસયુઆઈનાં પ્રમુખ નરેન્દ્ર સોલંકી, યુથ કોંગ્રેસના પ્રમુખ ડો.પ્રવીણ વણોલ, સેવાદળના પ્રદેશ અધ્યક્ષ પ્રગતિબેન આહિર, પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલ, ધારાસભ્યો, જીલ્લા-શહેરના પ્રમુખો, વિવિધ સેલ ડિપાર્ટમેન્ટના ચેરમેન, આગેવાનો વિશેષ ઉપસ્થિત રહીને જનતાના મુદ્દાઓ ઉપર સાથે મળીને લડતનો નિર્ધાર વ્યકત કર્યો હતો. સમગ્ર રાજયમાંથી કોંગ્રેસ પક્ષના કાર્યકર-આગેવાનો સહિત જેમના મકાન પર બુલ્ડોજર ફેરવવામાં આવ્યાં છે તેવા બેઘર પરિવાર, આરોગ્ય કર્મચારીઓના ચાર-ચાર મહિનાથી પગાર ન થયા હોય તેવા કર્મચારીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ-કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કોંગી નેતા પ્રતાપ દુધાતની અને તેમની ટીમની મહેનત રંગ લાવી

# અમરેલી જિલ્લામાં ૨૪ હજાર જેટલા મતદાતાઓના મતાધિકાર છીનવવા ભરાયેલા ફોર્મ નંબર ૭ રદ કરાયા

## પુરાવા વિના નામો કમી કરવાના તત્વોના મનસૂબા પર પાણી ફરી વળ્યુ



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં એસ.આઈ.આર.ની કામગીરી બાદ અચાનક ૨૪૦૦૦થી વધુ મતદારોનાં નામો રદ કરવા માટે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વિધાનસભા વાઈજ વાંધા રજુ કરીને ફોમ નંબર -૭ ભરવામાં આવેલ હતા, તેમાં સાવરકુંડલા લીલીયા વિધાનસભામાં ૮ હજાર, અમરેલી વિધાનસભામાં ૭ હજાર, લાઠી વિધાનસભામાં ૧ હજાર અને ધારી વિધાનસભા ૨ હજાર તેમજ રાજુલા વિધાનસભામાં ૬ હજાર એમ કુલ અમરેલી લોકસભાની વિધાનસભાઓનાં કુલ ૨૪૦૦૦ (ચોવીસ હાજર) મતદારોને ગેરબંધારણીય નામો કમી કરવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું તેમની જાણ કોંગ્રેસને થતા પ્રતાપ દુધાત પ્રમુખ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા તેમની ટીમ દ્વારા આ ૨૪૦૦૦ (ચોવીસ હજાર) મતદારોનાં મતાધિકારના છીનવાઈ જાય તે માટે કલેકટર અમરેલી અને તમામ વિધાનસભાના નાયબ કલેકટર અને ચુંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવેલ હતી જેમાં ભારતીય જનતા પાર્ટીનાં નામ કાર્યકર્તાઓ દ્વારા વાંધા સાથે ફોર્મ નં-૭ ભરવામાં આવેલ હતા અને તેમાં કોઈપણ પુરાવા વગર રજુ કરેલ હતા તે માટે પ્રતાપ દુધાત દ્વારા મતદારોને સાથે રાખીને અલગ અગલ વિધાનસભા વાઈઝ આવેદનપત્ર પાઠવામાં આવેલ હતું અને તેમાં નાયબ કલેકટર તથા ચુંટણી અધિકારીને તેમની માંગણીઓ રજુ કરવામાં આવેલ હતી જેંમા આ ખોટી રીતે નામના ફોર્મ નં-૭ રદ કરવામાં આવે અને જે જે વ્યકિતો દ્વારા આ ખોટા વાંધા અને મનસ્વીપણે ફોર્મ ભરનાર સામે ચુંટણી અધિકારી દ્વારા કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે.

ત્યારે હાલ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થતા અમરેલી જિલ્લાના જે ખોટી રીતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકતાઓ દ્વારા વાંધા સાથે રજુ કરેલ ફોર્મ નંબર- ૭ને આખરે રદ કરવામાં આવેલ અને ૨૪૦૦૦ (ચોવીસ હજાર) જેટલા મતદારોનાં નામો મતદાર યાદીમાં સંપૂર્ણપણે હયાત રાખવામાં આવ્યા છે.આખરે કોંગ્રેસની સતત લડાઈ અને પ્રતાપ દુધાત અને કોંગ્રેસ પાર્ટીની ટીમનાં અથાગ પ્રયત્નને કારણે વહીવટીતંત્રને જુકવું પડ્યું અને ભારતીય જનતા પાર્ટી અને તેમના કાર્યકર્તાની જે મેલી મુરાદ અને નામ કમી કરવાનો ઈરાદો મનમાં જ રહી ગયો, અને કોંગ્રેસની લડાઈની જીત થઈ છે.અંતમાં પ્રતાપ દુધાત દ્વારા કરેલ માંગણીનો સ્વીકાર કરવામાં આવેલ અને વહીવટીતંત્રને જણાવેલ છે કે આ ખોટી રીતે નામ રદ કરવા અને વાંધા સાથે રજુ કરેલ ફોમ નં ૭નાં ૪૫ વધુ લોકો સામે તંત્ર દ્વારા ક્યારે પગલા ભરવામાં આવશે. અને જો ટુક સમયમાં આ પગલા ભરવામાં નહી આવે તો આક્રમતા સાથે લડાઈ લડવાની અને નામ. કોર્ટમાં જવાની પણ તૈયારી દર્શાવેલ છે. પ્રતાપ દુધાત દ્વારા જણાવેલ છે કે કોંગ્રેસ હમેશા પ્રજાહિત માટે લડાઈ લડે છે. અને ખોટા વિકાસનાં નામ પાછળ પ્રજાને હેરાન કે તેમના અધિકાર અને હક્કો છીનવવાનું નહી મતાધિકાર એ બંધારણીય અધિકાર છે અને તેમનુંહનન એ લોકશાહીનું અપમાન નહિ થવા દઈએ. આખરે પ્રજાહિત અને લોકશાહી માટે લડતી કોંગ્રેસનો વિજય થયો છે.

### શ્રીધર અતુલકુમાર જાની આર્યુવેદીક કોલેજ દ્વારા

# ડેડાણ ખાતે યોજાયેલ નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો ૧૨૨ દર્દીઓએ લાભ લીધો



અમરેલી, તા. ૧૭

અમરેલી ડેડાણ ગામમાં શ્રીધર અતુલકુમાર જાની આર્યુવેદીક કોલેજ અને હોસ્પિટલ દ્વારા આયોજીત નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો ૧૨૨ દર્દીઓએ લાભ લીધો.

શ્રીધર અતુલકુમાર જાની આર્યુવેદીક કોલેજ અને હોસ્પિટલ અમરેલી દ્વારા ડેડાણ ગામમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હોસ્પિટલનાં નિષ્ણાંત ડોકટરો ડો. સોનલ, ડો. જતીન, ડો. સુજીત, ડો. યુનુસ, ડો. નેહા, ડો. પ્રશાંત, ડો. સુચીતા ડો. સાગર અને ડો. નીશા દ્વારા સેવા આપવામાં આવી હતી. કેમ્પના માધ્યમથી લોકોમાં આર્યુવેદ પ્રત્યે જાગૃતતા ફેલાવી જરૂરીયાતમંદ ૧૨૨ દર્દીઓની સારવાર અને દવા વીતરણ કરવામાં આવેલ હતુ.

### શાળાના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતરના અધ્યક્ષસ્થાને

# બાબરામાં પંચશીલ સ્કૂલના ધોરણ ૧૦/૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

## વિદ્યાર્થીઓએ વર્ગખંડનાં સંસ્મરણો તાજા કર્યા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૭

બાબરાની પંચશીલ સ્કુલમાં ધો. ૧૦/૧૨નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો કાર્યક્રમની શરૂઆત શાળાના સંચાલક પ્રકાશભાઈ ગોલેતર દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અભ્યાસના ભૂતકાળ ના અને વર્ગખંડોના સંસ્મરણો તાજા કર્યા હતા. ધોરણ ૧૦માં કડવાણી હેલી, અસલાલીયા દેવાંશીએ વકતવ્ય આપ્યું હતું અને ધોરણ ૧૨ માં ગજેરા ધાર્મિ અને સિધ્ધપરા સાંજના એ પોતાના અનુભવો વર્ણવ્યા હતા શિક્ષકોમાં ભટ્ટ, દર્શનસર, પરેશભાઈ અને પ્રતાપસરે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

શાળાના ધો ૧૦/૧૨ના વિદ્યાર્થીઓએ તેમના તમામ વિષય શિક્ષકોને ગિફટ આપીને સન્માનિત કર્યા હતા કાર્યક્રમના અને તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલક દ્વારા નાસ્તો અને ઠંડુપીણુ આપવામાં આવ્યું હતું.પોતાની વ્યસ્તતાનાં કારણે કાર્યક્રમમાં હાજર ન રહી શકતા ડિરેક્ટર રમેશભાઈ ગોલેતર અને હિતેષભાઈ કવા દ્વારા ટેલિફોનીક પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકએ કર્યુ હતું.

### વોર્ડ નં. ૩નાં મતદારો દ્વારા

# બાબરા ખાતે ભાજપ કિસાન મોરચાનાં નવનિયુકત પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનુ સન્માન કરાયું

## પાલિકા પ્રમુખ સહીત સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૭

મુકેશભાઈ ખોખરીયાને જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ તરીકેની જવાબદારી આપતા. બાબરા મુકામે બાબરા નગર પાલિકા વોર્ડ નં ૩ ના મતદારો હોદેદારો દ્વારા મુકેશભાઈ ખોખરીયાનો સન્માન સમારંભ રાખવામાં આવેલ હતો. આ તકે નગર પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ પિન્ટુભાઈ જસાણી, કારોબારી ચેરમેન અનિભાઈ મકવાણા, પૂર્વ જિલ્લા મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, શહેર પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, તાલુકા મહામંત્રી રાજુભાઈ વિરોજા, શહેર મહામંત્રી રમેશભાઈ સાંગડીયા, બાર એસોસિએશનના પ્રમુખ પ્રતાપભાઈ ખાચર, વેપારી અગ્રણી મનોજભાઈ જસાણી, નગર પાલિકા સદસ્ય ભૂપતભાઈ બસિયા, નગર પાલિકા સદસ્ય ખોડલભાઈ મકવાણા, નગર પાલિકા સદસ્ય દીપકભાઈ સિંધવ, વિગેરે એ ખાસ હાજરી આપેલ હતી. શહેર ઉપ પ્રમુખ દેવશીભાઈ મારૂ, નગર પાલિકા સદસ્ય નરેશભાઈ મારૂ, માંગાદાદા મારૂ, કાળાભાઈ મારૂ, બાધાભાઈ મારૂ, વિગેરે દ્વારા જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. આ તકે શહેર પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા દ્વારા પાર્ટીને મજબૂત કરવા આહવાન કરવામાં આવેલ હતું. ભૂપેન્દ્રભાઈ બસિયા દ્વારા રાજયની અને કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે નાના અને ગરીબ લોકો માટે જે યોજનાઓ દાખલ કરી છેવાડા માણસનું ધ્યાન રાખવામાં આવે છે તેની વિસ્તૃત વાત કરવામાંઆવી. કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખાખરીયા દ્વારા જે જિલ્લાની જવાબદારી આપવામાં આવેલ છે તે જવાબદારી પૂરી નિષ્ઠા અને લગનથી નિભાવી તમામ સમાજનું કામ કરવા કટિબપ્રધ રહીશ તેવું જણાવ્યું. આ તકે બાબરા નગર પાલિકાના વોર્ડ નંબર ત્રણના મતદારો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠીના ભાલવાવ ગામે રૂપિયા ૮૦ લાખના ખર્ચે 'સુવિધાપથ' બનાવવામાં આવશે

## ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો



લાઠી, તા.૧૭

લાઠી તાલુકાના ભાલવાવ ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૮૦ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી.રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળ ાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.


ભાલવાવ ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવર-જવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ૠતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા - કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્યએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂા.૮૦ લાખના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી. રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

### આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલી : અમેરિકા અને ભારત વચ્ચે થયેલ ટ્રેડ ડીલ રદ કરવા માંગ કરાઈ

## ટ્રેડ ડીલથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાશે તેવી આશંકા દર્શાવી



અમરેલી, તા. ૧૭


ભારત સરકાર ધ્વારા કરવામાં આવેલી સાથેની ટ્રેડ ડીલ દેશના સાર્વભૌમત્વ, આર્થિક નીતિ અને કૃષિક્ષેત્ર માટે ગંભીર પડકાર ઉભી કરે છે. આ ડીલ ધ્વારા ખેતી, પશુપાલન, ટેકસટાઈલ, હીરા ઉદ્યોગ સહિતનાં અનેક ક્ષેત્રોનું ભવિષ્ય જોખમમાં મુકવામાં આવ્યું છે. ડેરીઉત્પાદનોને ઝીરો ઈમ્પોર્ટ ડયુટી સાથે ભારતમાં આયાત કરવાની છુટ આપવામાં આવે તો તે ભારતના પશુપાલકો માટે ધાતક સાબિત થઈ શકે છે.વધુમાં જો અમેરિકન કૃષિ અને ઔધોગિક ઉત્પાદનોને ભારતના બજારમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે અને બીજી તરફ ભારતીય ઉત્પાદનો પર અમેરિકામાં ડયુટી લાગુ રહેશે, તો ટેકસટાઈલ ઉદ્યોગ સહિતના ક્ષેત્રો પર ગંભીર અસર પડશે. ટેકસટાઈલ ઉદ્યોગ ન ટકે તો કપાસની ખેતી પણ અસરગ્રસ્ત થશે, જે ખેડૂતો માટે આર્થિક સંકટ સર્જી શકે છે. ભારત સરકાર ટ્રેડ ડીલની તમામ વિગતો પારદર્શક રીતે જાહેર કરી રહી નથી, જયારે અમેરિકાના કૃષિ મંત્રીએ ખુલ્લેઆમ નિવેદન આપ્યું છે કે, અમેરિકન ખેડૂતો અને પશુપાલકો માટે વિશાળ ભારતીય બજાર ખોલવામાં આવ્યું છે. આ બાબતનો આમ આદમી પાર્ટી સખત શબ્દોમાં વિરોધ કરે છે અને આ ટ્રેડ ડીલને રદ કરવાની માંગ કરી છે.જો આ ડીલ રદ ન થઈ તો, આમ આદમી પાર્ટી એક જવાબદાર રાષ્ટ્રીય પક્ષ તરીકે તેઓ અ ટ્રેડ ડીલના સંભવિત નુકસાન અંગે જનતાને માહિતગાર કરશે અને દેશના ખેડૂતો, પશુપાલકો અને ઉદ્યોગોને બચાવવા માટે રાજયવ્યાપી કાર્યક્રમ અને આંદોલન કરશે. દેશના સાર્વભૌમ હિતોને ગીરવે મુકવા જેવા કોઈપણ પગલાં સામે લોકમત ઊભું કરવામાં આવશે અને ખેડૂતોના હિતોની રક્ષા માટે મજબુત લડત લડવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

# રાજુલા ખાતે વિહિપ દ્વારા મહાશિવરાત્રિ પર્વે શોભાયાત્રા યોજાઈ


તસ્વીર :ધર્મેશ રૂપારેલીયા-રાજુલા


રાજુલા ખાતે વિશ્વ હિન્દુ પરિષદના નેતૃત્વમાં સમસ્ત હિન્દુ સમાજ દ્વારા આસ્થા અને ઉત્સાહભેર મહાશિવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. દરેક શિવાલયોમાં મહાઆરતી, અલૌકિક દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ તકે શહેરમાં વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી જોડાયા હતા. અને પ્રસાદીનું વિતરણ કર્યુ હતું.સમગ્ર શહેરમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો હતો.

# ચલાલા ખાતે યોજાયેલ વિશ્વ હિન્દુ મહાસંમેલનમાં જનમેદની ઉમટી













ચલાલા પંથકની પવિત્ર ધરા પર આજે એક ઐતિહાસિક ક્ષણ આકાર લઈ રહી છે. સનાતન ધર્મની રક્ષા અને હિન્દુ સમાજમાં અતૂટ એકતાના નિર્માણ કાજે આર.કે.એમ.એમ. હાઈસ્કૂલના પટાંગણમાં ''દાનેવ હિન્દુ મહા સંમેલન'' ભવ્ય રીતે સંપન્ન થયું હતું. 'સંગઠિત હિન્દુ, સુરક્ષિત હિન્દુ'ના પ્રબળ મંત્ર સાથે આયોજિત આ સંમેલનમાં ચલાલા સહિત સમગ્ર પંથકમાંથી હજારોની જનમેદની ઉમટી પડી હતી. કાર્યક્રમમાં આશીર્વચન પાઠવતા અમરેલી આર્ષ અધ્યયન કેન્દ્રના અધ્યક્ષ પૂજય સ્વામી નિત્યશુદ્ધાનંદ સરસ્વતીજીએ સનાતન સંસ્કૃતિના મૂલ્યોની જાળવણી પર વિશેષ ભાર મૂકયો હતો. તેમણે પોતાના અમૃતમય પ્રવચનમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સંગઠિત થવું એ જ હિન્દુ સમાજની સૌથી મોટી શકિત છે. આ તકે આપા દાનાની પાવન જગ્યાના લઘુમહંત મહાવીર બાપુ ભગત, ગાયત્રી સંસ્કાર ધામના વડા ડો. રતિદાદા મહેતા, માનમંદિરના મહંત ભકિતરામ બાપુ, નેસડી ખોડલધામના મહંત લવજી બાપુ, કેળવણી મંડળના નિયામક ઉદયબાપુ ભગત, બ્રહ્માકુમારીઝના કિષ્ના દીદી, ભીમનાથ મહાદેવ મંદિરના મહંત મયુર બાપુ, મોન્ટુ બાપુ, મોગલમા ધામના રાજુભાઈ, સાંઈનાથ મંદિરના મથુરદાસ, રામાનંદી સાધુ સમાજના બાલાબાપુ દેવમુરારી, દેંવાગી આશ્રમના દયા માતાજી તેમજ વિવિધ આશ્રમો અને મંદિરોના સંતો–મહંતો અને દેવળોના પુજારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સહુ પ્રથમ ઉપસ્થિત સંતો મહંતો અને મહાનુભવોના વરદ હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટય કર્યા બાદ પ્રમુખ ગોરધનભાઈ ગેડિયા, સંરપચોઅને સમિતીના સભ્યો દ્વારા સંતો મહંતો અને પુજારીઓનુ ફુલહાર ખેંચથી ભાવ વંદના કરાઈ હતી. અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયાએ ઉપસ્થિત સહુનુ શબ્દોથી સ્વાગત કરી આવકાર્યા હતા. મુખ્ય વકતા તરીકે સૌરાષ્ટ્ર પ્રાંત સહ પ્રચારક કમલેશભાઈ રાદડિયાએ સામાજિક જાગૃતિ અને સમરસતા વિશે પ્રેરણાદાયી પાથેય પીરસ્યું હતું. તેમણે હાકલ કરી હતી કે, પક્ષ, જ્ઞાતિ કે જાતિના તમામ વાડાઓ ભૂલીને માત્ર હિન્દુ તરીકે સંગઠિત થવું એ જ સમયની માંગ છે. 'હિન્દુ હિન્દુ એક રહે, ભેદભાવ કો નહીં સહે' ના ઉમદા સૂત્રને સાર્થક કરવા માટે આ સંમેલન એક મજબૂત પુરાવો બની રહ્યું હતું. ભકિતરામ બાપુ, ડો. રતીદાદા સહીતના સંતોએ રૂડા આર્શીવચન પાઠવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## વડિયા પંથકમાંથી ભરાયેલ દૂધ

કામગીરી હાથ ધરાઈ હતી અને એ સેમ્પલ અમરેલી ખાતે લઈ જઈ તેની પ્રાથમિક ચકાસણી હાથ ધરાતા તે ટેન્કરમાં રહેલું દૂધ ખાવા કે પીવાને લાયક ના હોવાનુ સાબિત થતા તે દૂધ નકલી હોવાનુ સામે આવ્યુ હતુ. ત્યારે તે ટેન્કરના દૂધને ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર તેને રાત્રે વડિયા ગ્રામ પંચાયતની ડમ્પીંગ સાઈટ આસપાસ લઈ જઈ દસ હજાર આસપાસ લીટર દૂધને ટેન્કરમાંથી અવાવરૂં જગ્યામાં નીચે વહાવી દેવામાં આવ્યુ હતુ. ત્યારે વડિયામાં જાણે નકલી દૂધની ગંગા વહેતી થઈ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. તો તે નકલી દૂધ વહેતુ હતુ ત્યારે તેના કેમિકલવાળા ફીણના ઢગલા પણ જોવા મળ્યા હતા. ત્યારે લોકોમાં અનેક પ્રશ્નો ઉભા થતા જોવા મળી રહ્યા છે કે યુવરાજસિંહએ એવું કહ્યું કે અમે ઘણા સમયથી આ ટેન્કર અને દૂધની સપ્લાયની રેકી કરતા હતા. તો આટલો મોટો નકલી દૂધનો જથ્થો સપ્લાય થતો હતો તો શું અમરેલી જિલ્લાના તંત્રને ઘણા સમયથી ચાલતા આ નકલી દૂધના કાળા કારોબારની કોઈ ગંધ કે જાણકારી જ નહિ હોય ? ગાંધીનગર સુધી જાણ થઈ પણ અમરેલીમાં ખબર જ ના પડી આ તે કેવું તંત્ર ? બીજી બાજુ આ દૂધનો કારોબાર ઘણા સમયથી ચાલતો હોવાથી આ દૂધ જયાં સપ્લાય થતુ હતુ તે અરવલ્લી, મોડાસાના વિસ્તારમાં ત્યાં પણ કોઈ તપાસ થતી નહિ હોય અને તે ડેરીઓ પણ આ કાળા કારોબારમાં સામેલ હોય શકે ? ત્યાંથી આ દૂધ લોકોના પેટ સુધી તે પહોંચતુ હશે તે આ ઘટના પરથી તપાસનો વિષય બની રહ્યો છે. ત્યારે હવે આવનાર સમયમાં ગુજરાત સરકારનુ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને અમરેલી જિલ્લાનુ તંત્ર શું પગલાંઓ લેશે તે તો આવનારો સમય જ બતાવશે. પરંતુ આવો મોટાપાયા પર ચાલતો કાળો કારોબાર જે લોકોના જીવન બરબાદ કરતો હોય તેની પાછળ કાર્યવાહી થવી જરૂરી બને છે. સાથે આ સમગ્ર રેકેટનો પર્દાફાસ્ટ કરનાર યુવરાજસિંહ જાડેજાની કાર પર હુમલો કરનાર લોકો પર પણ કડક હાથે કાર્યવાહી કરી તેને કાયદાના પાઠ ભણાવવા જોઈએ અન્યથા આવા કાળા ધંધા કરતા લોકોને પોલીસ અને કાયદાનો કોઈ ડર જ ના હોય તેવી સ્થિતિ સર્જાશે પછી આવી ઘટનાઓ વારંવાર જોવા મળે તો નવાઈ નહિ.

## અવસાન નોંધ

**બાબરા :** બ્રહ્મક્ષત્રિય હર્ષદભાઈ કાકુભાઈ છાટબારના પુત્ર જેઠાભાઈ (ઉ.વ. ૪૨) તેઓ જગદીશભાઈ, સ્વ. હરેશભાઈ, સ્વ. પિયુષભાઈ તથા પરેશભાઈ, લાલજીભાઈના ભત્રીજા તથા ઉદયભાઈ, મિલનભાઈના મોટાભાઈ નું તા. ૧૬/૨/૨૬ના અવસાન થયું છે

તેમનું બેસણું તા. ૧૯/૨/૨૬ સાંજે ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી બાબરા ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી સ્વ.નિર્મળાબેન ભગવાનજીભાઈ પોપટ (શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ સાંગલાણી) જે નિવૃત શિક્ષિકા, બાલકિશોર વિદ્યાલય, રાજકોટ. ઉ.વર્ષ ૭૯ તા. ૧૭/૨/૨૬, મંગળવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ. ભગવાનજીભાઈ ગોકળદાસ પોપટના દીકરી, તે હરદેવીબેનના નાના બહેન તે હેતલ, મિત્તલ, ડીમ્પલ ખેતાણી તથા માનસ, ધર્મના માશીજી તે સુરેશભાઈ તથા કોકિલાબેનના ભાભી. સદગતનું બેસણું તા. ૧૯/૨/૨૬ ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ હરગંગેર મંદિર, ૨ ટાગોર નગર, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ચલાલા :** જામજોધપુરવાળા ચંદુલાલ મોહનલાલ કાનાબારનાં પુત્ર અશોકભાઈ ચંદુલાલ કાનાબાર (ઉ.વ. ૬૩) હાલ રાજકોટ તેઓ અનિરૂધ્ધભાઈ, સુભાષભાઈ, કિરીટભાઈ, જયશ્રીબેન, લતાબેન, રૂપાબેનના ભાઈ તેમજ હેમાલી, પ્રિન્સીના પિતાશ્રી અને અક્ષયકુમાર અટારાના સસરા, પોપટલાલ વલ્લભદાસ માનસતાના જમાઈનું અવસાન તા. ૧૭/૨, મંગળવારના રાજકોટ થયેલ છે. સદગતનું બેસણું તથા સસરા પક્ષની સાદડી તા. ૧૯/૨, ગુરૂવાર સાંજના ૪ થી ૫ કલાક સુધી ચંદ્રમૌલીશ્વર મહાદેવ મંદિર, અજંતા જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરી શેરી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ગરણી ગામે મધરાતે પ્રચંડ ધડાકા

૧૦૦ વર્ષના ઈતિહાસમાં આવી ભેદી ઘટના કયારેય બની નથી.

ઘટનાની જાણ થતા જ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) શિરોયાએ તલાટી મંત્રી સહિતની ટીમ દોડાવી હતી. તપાસ દરમિયાન ગેસ લાઈન સુરક્ષિત હોવાનું જણાયું છે, જેનાથી આ ધડાકો વધુ રહસ્યમય બન્યો છે. અધિકારીઓના મતે આ કોઈ જમીની લેવલની આંતરિક હલચલ અથવા ભૂગર્ભીય ફેરફાર હોઈ શકે છે. હાલ તંત્ર દ્વારા આ રહસ્ય પરથી પડદો ઉઠાવવા માટે ભૂસ્તરશાસ્ત્રીઓની મદદ લેવાની ચર્ચાઓ ચાલી રહી છે.

આ અકલ્પનીય ઘટનાએ ગરણી ગામના લોકોની ઊંઘ ઉડાડી દીધી છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જો ગેસ નથી, ભૂકંપ નથી, તો આ પ્રચંડ ધડાકો શેનો હતો ? ગ્રામજનોની માંગ છે કે ઉચ્ચ સ્તરીય તપાસ થાય જેથી ખબર પડે કે જમીનની અંદર શું રંધાઈ રહ્યું છે.

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૪/૨૦૨૬

**અરજદારશ્રી :** શ્રી તેજાભાઈ મંગાભાઈ જાદવ,
રે. ભુખલી સાંથળી, તા. વડિયા, જિ. અમરેલી
એડવોકેટશ્રી – સી.આર. રોશનીયા, મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી ભુખલી સાંથળી, તા. વડીયા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી તેજાભાઈ મંગાભાઈ જાદવએ તેમના **માતાશ્રી સોનીબેન મંગાભાઈ જાદવનુ અવસાન તા. ૧૦/૦૮/૧૯૭૫ના રોજ મુ. ભુખલી સાંથળી, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૬/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## CHANGE OF NAME

I hereby declare **Purvil Vinodbhai Rathod**. My old Name is **Purvil Vinod Rathod** and **Rathod Purvil Vinodbhai** has been replaced by **Purvil Vinodbhai Rathod.** So henceforth I am known by this name.

## CHANGE OF NAME

I hereby declare **VinodbhaiChhanganlal Rathod.** My old Name is **Vinod Chhanganlal Rathod** has been replaced by **Vinodbhai Chhanganlal Rathod.** So henceforth I am known by this name.

## જાહેર નોટિસ

**મોજે – મોરવાડા, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી,**
**રે.સ.નં.૭ પૈકી ૩, હેકટર ૧–૨૧–૪૧, ખાતા નં.૨૪૬**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે મોરવાડા, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલીની ઉપરોકત વિગતે ખેતીની જમીન **ખોડાભાઈ સવજીભાઈ પાઘડાળ** ના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, વડીલોપાર્જીત હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ જમીન ખાખરીયા રેલ્વે સ્ટેશનની સામેના વિસ્તારમાં ''સીંગલધાર'' નામે આવેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત/લીઝલાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસએપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૮/૦૨/૨૦૨૬** **તે અમારા અસીલની સુચનાથી**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે,**
**મુ. વડિયા, (જી. અમરેલી)**
**મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા**
**(એડવોકેટ)**

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૦ | ૧૫૭૦ |
| ૨ | મગફળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ૩ | તુવેર | ૧૨૭૫ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૫ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | એરંડા | ૧૨૫૧ | ૧૨૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૪૯૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૫૩૦ |
| ૪ | શિંગદાણા | ૧૨૩૦ | ૧૭૯૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૯૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૫ | ૨૧૯૫ |
| ૭ | તલ કાળા | ૩૩૦૦ | ૩૬૦૦ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૧૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| ૧૧ | અડદ | ૬૮૦ | ૧૩૭૦ |
| ૧૨ | ચણા | ૮૧૦ | ૧૦૬૦ |
| ૧૩ | તુવેર | ૭૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | કપાસ | ૮૬૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડા | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૧૬ | જીરૂ | ૨૦૨૫ | ૩૯૫૦ |
| ૧૭ | ધાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ૧૮ | ધાણી | ૧૪૦૦ | ૨૪૦૫ |
| ૧૯ | અજમા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૯૫૦ |
| ૨૧ | સોયાબીન | ૮૫૦ | ૧૦૩૦ |
| ૨૨ | મરચા લાંબા | ૧૩૧૦ | ૬૫૦૦ |
| ૨૩ | કાંગ | ૫૦૦ | ૫૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૩૫ | ૧૨૯૫ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૫૨૬ |
| ૩ | ચણા | ૯૨૦ | ૧૦૩૫ |
| ૪ | તુવેર | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૫ | લાલ તુવેર | ૮૨૦ | ૧૨૨૦ |
| ૬ | ધાણા | ૧૫૮૦ | ૧૭૧૭ |
| ૭ | શીંગદાણા | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૮ | સોયાબીન | ૫૫૦ | ૯૦૧ |
| ૯ | કાળા તલ | ૩૨૧૦ | ૩૨૧૦ |
| ૧૦ | મકાઈ | ૪૨૦ | ૪૨૦ |
| ૧૧ | કલોંજી | ૩૦૩૦ | ૩૦૩૦ |
| ૧૨ | મેથી | ૮૩૦ | ૮૩૦ |
| ૧૩ | એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૧૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૩૦ | ૧૫૨૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૧ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૧૧૨૧ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૩૧૦ |
| ૧૧ | ચણા | ૯૨૦ | ૧૦૭૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૬૧૨ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ૧૫ | ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૧૦૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી | ૧૧૪૫ | ૧૫૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૫ | ૧૮૧૫ |
| ૫ | જીરૂ | ૨૯૭૦ | ૪૦૦૦ |
| ૬ | ચણા | ૯૫૫ | ૧૦૫૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૮ | તુવેર | ૧૦૨૫ | ૧૪૧૫ |
| ૯ | ધાણા | ૧૨૧૦ | ૧૮૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૩ |
| ૪ | ચણા | ૭૪૫ | ૧૦૩૮ |
| ૫ | ધાણા | ૧૩૫૫ | ૧૭૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૨૨૦ | ૨૦૦૦ |
| ૭ | સોયાબીન | ૮૩૦ | ૧૦૧૭ |
| ૮ | મગફળી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૯૦ | ૧૪૯૦ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૫૦૫ |
| ૧૩ | તલ કાળા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૪ | જુવાર | ૧૦૫૫ | ૧૦૭૦ |
| ૧૫ | લસણ | ૩૦૦ | ૩૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૫૯૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૪૫ | ૧૦૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૭૬ | ૧૪૪૧ |
| ૨ | તલ સફેદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૩ | તલ કાળા | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૪ | તલ પીળા | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૮ |
| ૬ | બાજરો | ૩૩૬ | ૩૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૬ |
| ૮ | જુવાર | ૧૧૦૦ | ૧૨૭૭ |
| ૯ | મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૫૧ | ૧૪૫૦ |
| ૧૧ | ચણા | ૮૫૫ | ૧૦૬૧ |
| ૧૨ | જીરૂ | ૩૦૦૦ | ૪૨૦૦ |
| ૧૩ | મેથી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૧૪ | ચોળી | ૧૦૦૧ | ૧૦૦૧ |

# બાબરા ખાતે જિલ્લા ભાજપ કિસાન મોરચાનાં પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનું લુહાર સમાજ અને સીતારામ ધૂન મંડળ દ્વારા સન્માન





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર ભાજપનાં પૂર્વપ્રમુખ અને તાજેતરમાં અમરેલી જિલ્લા ભાજપના કિસાન મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત થતા સમગ્ર બાબરા પંથકમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી અને અનેક અગ્રણીઓ તેમજ ખેડૂતો દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારે બાબરામાં લુહાર સમાજની વાડી ખાતે સમસ્ત લુહાર સમાજ અને અમરાપરા સીતારામ ધૂન મંડળ દ્વારા અમરેલી જિલ્લા ભાજપના કિસાન મોરચાના નવ નિયુક્ત પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનું બહુમાન કરવામાં આવ્યું હતું. પત્રકાર વિજયભાઈ માળી દ્વારા પણ બહુમાન કરવામાં આવ્યું હતું. લુહાર સમાજના અગ્રણીઓ તેમજ સીતારામ ધૂનમંડળનાં અગ્રણીઓ દ્વારા સાલ ફુલહાર અર્પણ કરી સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે મોટી સંખ્યામાં લુહાર સમાજનાં અગ્રણીઓ લોકો અને સીતારામ ધૂન મંડળનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ વિજય દેસાઈની પ્રેરણાથી

## અમરેલી શહેરમાં બજરંગ દળની ટીમ ગૌરક્ષા/ગૌ સેવાની જાહેરાત કરવામાં આવી

### અધ્યક્ષ, ઉપાધ્યક્ષ સહિતનાં હોદ્દેદારોની વરણી કરાઈ




અમરેલી, તા. ૧૭


વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈની સૂચનાથી વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી શહેરના અધ્યક્ષ ભાવેશભાઈ કાબરિયા મંત્રી પંકજભાઈ કાનાણીના નેતૃત્વ હેઠળ અમરેલી શહેર બજરંગ દળ ટીમ/ગૌ રક્ષા/ગૌ સેવાની જાહેરાત કરવામાં આવી. જેમાં અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદીની ખાસ ઉપસ્થિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના અમરેલી શહેર પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા, મંત્રી પંકજભાઈ કાનાણી, ઉપાધ્યક્ષ મહેશભાઈ જળું, રવિભાઈ પંડયા, તથા જવાબદાર હોદેદારો શૈલેષભાઈ મકવાણા, સાગરભાઈ વણજારા ,આકાશભાઈ પરીખ, નીરજભાઈ ખૂબચંદાણી, પ્રશાંતભાઈ ચુડાસમા, આશિષભાઈ જોષી, દેવભાઈ જોષી, કુલદીપભાઈ વાળા, જયેશભાઈ લીંબાણીની હાજરીમાં નિમણૂક કરવામાં આવી.

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી શહેર બજરંગ દળ ટીમ અધ્યક્ષ મહાવીરભાઈ અનકભાઈ વીંછિયા, ઉપાધ્યક્ષ–ધ્રુવભાઈ જયેશભાઈ ગડાધરા, ઉપાધ્યક્ષ અમનભાઈ રોહિતભાઈ રાઠોડ, ગૌરક્ષા ઉપાધ્યક્ષ કુલદીપભાઈ મધુભાઈ વાળા, ગૌ સેવા ઉપાધ્યક્ષ હરપાલભાઈ દડુભાઈ ધાધલ, સુરક્ષા પ્રમુખ સુજલભાઈ મુકેશભાઈ સોલંકી, સુરક્ષા ઉપપ્રમુખ કુલજીતભાઈ હરેશભાઈ વાળા, કોલેજ પ્રમુખ કિશનભાઈ હિંમતભાઈ ધંધુકિયા, મિલન કેન્દ્ર પ્રમુખ મયુરભાઈ ભુપતભાઈ જેઠવા, બળો પાસ કેન્દ્ર પ્રમુખ ભવ્યભાઈ ધર્મેશભાઈ રાજાની વરણી કરવામાં આવી છે.

### સિટી પોલીસ દ્વારા થયું આયોજન

## અમરેલી ખાતે બી.એન. વીરાણી શાળામાં ''ગુડ ટચ બેડ ટચ''અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો

### વિદ્યાર્થીનીઓને સાવચેતી રાખવા અને સમસ્યાનાં નિરાકરણ અર્થે સમજણ આપવામાં આવી



અમરેલી, તા. ૧૭

બી.એન.વિરાણી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કન્યા શાળા, ખાતે' 'ગુડ ટચ–બેડ ટચ'' વિષય પર મોટીવેશન સ્પીચ પ્રોગ્રામ યોજાયો હતો. જમના વક્તા અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં વૈશાલીબેન ચાવડા (WUHC) અને દયાબેન ચાવડા (PC) ધ્વારા વિદ્યાર્થીનીઓને સાવચેતી અને કોઈ સમસ્યા થાય તો માતા–પિતા, શિક્ષક અથવા પોલીસને જાણ કરવા માર્ગદર્શન અપાયું હતું.

### દ્વારકેશ સોસાયટીમાં રહેતા વેપારી પરિવાર પર આભ તુટી પડયું

## બાબરા ખાતે ભત્રીજાના અવસાનનાં સમાચારથી કાકાનું હૃદય પણ બેસી ગયું

### અડધો કલાકના અંતરે પરિવારમાં બે ના અવસાનથી ઘેરો શોક




બાબરા, તા. ૧૭

બાબરા રહેતા બ્રહ્મક્ષત્રિય છાટબાર પરિવારમાં ભત્રીજા ના અવસાનના સમાચારથી વ્યથિત થયેલા કાકાનું પણ થોડી મીનીટોમાં હૃદયરોગના તીવ્ર હુમલાથી અવસાન થવાનો કિસ્સો બનતા પરિવાર સહિત જ્ઞાતિ અને સામાજિક સ્તરે ભારે શોકનું છવાયો છે.

તા.૧૫ની મોડી સાંજે બાબરા દ્વારકેશ સોસાયટી ખાતે રહેતા ટાયર ટ્યુબના વેપારી બ્રહ્મક્ષત્રિય હર્ષદભાઈ કાકુભાઈ છાટબારના પુત્ર જેઠાભાઈ (ઉ.વ.૪૩)નું માંદગી બાદ અચાનક અવસાન થયું હતું અને આ અવસાનના સમાચાર તેમના કાકા પીયુષભાઈ કાકુભાઈ છાટબાર (ઉ.વ.૫૧)ને ફોન ઉપર મળતા તેવો ને અચાનક છાતી માં દુઃખાવો ઉપડતા સારવારમાટે ખસેડવામાં આવ્યા હતા અને તેમને સામાન્ય સારવાર બાદ હોસ્પિટલના બિછાને દમતોડી દીધો હતો સંપ અને સંસ્કારોથી પરિવારનું એક મેક જતન કરનારા સગ્ગા કાકા ભત્રીજાનું એક સાથે અવસાન થતા તેમના પરિવાર સહિત બહોળું મિત્ર વર્તુળ શોક ગ્રસ્ત બન્યું છે ભત્રીજાની અંતિમ યાત્રા તા.૧૬ બપોરે ૧૧ કલાકે અને કાકાની અંતિમ યાત્રા સાંજે ૪ કલાકે યોજવામાં આવેલી જેમાં સામાજિક રાજકીય અને પરિવાર સહિત બહોળું મિત્ર વર્તુળ જોડાયું હતું બન્નેની શોકસભા તા.૧૯/૨/૨૦૨૬ સાંજે ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી બાબરા ખાતે રાખેલ છે.

### અમરેલી જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## ગર્ભપરીક્ષણ અને ગર્ભપાતની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના

### કોઈપણ સંજોગોમાં સ્ત્રી ભૃણ હત્યા રોકવી જરૂરી બની

અમરેલી, તા. ૧૭

પીસી–પી.એન.ડી.ટી. એક્ટ–૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કમિટીની પુનઃ રચના કરવામાં આવી હતી. ઉપરાંત પી.એન.ડી.ટી એક્ટ– ૧૯૯૪ અંગેના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. રિન્યુઅલ રજિસ્ટ્રેશનને બહાલી આપવામાં આવી હતી.

મહત્વનું છે કે, પીસી–પી.એન.ડી.ટી. એક્ટ–૧૯૯૪ અંતર્ગત, સ્ત્રીભૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે. જિલ્લા કલેક્ટરએ બિનઅધિકૃત રીતે અને ગેરકાયદેસર રીતે આ પ્રકારના કૃત્યો કરનાર સામે કડક કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી.

પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત હોસ્પિટલ, કિલનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે, જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામું અમલી કરવામાં આવ્યું છે. બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડો. ગજેરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી સહિત પીસી–પી.એન.ડી.ટી એક્ટ–૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શનતળે કામગીરી

## અમરેલી ખાતે આરોગ્ય વિભાગ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને નિઃશુલ્ક ચશ્મા વિતરણ

### ડો. કથીરીયા, ડો. વીરડીયા સહિતે જહેમત ઉઠાવી



અમરેલી, તા. ૧૭

CDHO ડો. જોશી, ડો. સિંગ, ડો. જાટની સૂચનાથી ગુજરાત સરકાર (હેલ્થ અને પરિવાર કલ્યાણ વિભાગ) તેમજ RBSK ટીમના મેડિકલ ઓફિસર ડો. તુષાર કથીરીયા, ડો રસીલા વીરડીયા, ગુંજન પંડ્યા અને અંકિતા પરમારના સંયુકત પ્રયાસથી સરસ્વતી સ્કૂલ ,પાઠક સ્કૂલ, દિપક સ્કૂલના વિધાર્થીઓને અગાઉ આફથલમિક આસિસ્ટન્ટ દ્વારા ચશ્માના નંબરની યોગ્ય તપાસ કરેલ અને જરૂરિયાતમંદ બાળકોને મફત ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજેલ હતો.

### જિલ્લા વિકાસ અધિકારીનાં અધ્યક્ષસ્થાને

## અમરેલી ખાતે બોગસ તબીબ અંતર્ગત નિમાયેલ કમિટીની બેઠક સંપન્ન

### બોગસ તબીબ વિરૂઘ્ધ મળેલ ફરિયાદોની સમીક્ષા કરાઈ

અમરેલી, તા. ૧૭

આજરોજ જિલ્લા પંચાયત અમરેલી ખાતે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને બોગસ તબીબ અંતર્ગત નિમાયેલ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં બોગસ તબીબો વિઢદ્ધ મળેલ ફરિયાદોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જે ક્લિનિક વિઢદ્ધ ફરિયાદ કે એફ.આઈ.આર નોંધાયેલ હોય તે ક્લિનિકોફરીથી ચાલુ થઈ ગઈ હોય તો તેની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત હોમિયોપેથિક કે આયુર્વેદિક ડોક્ટરોની ડિગ્રીઓ વિઢદ્ધ ફરિયાદ હોય તો તેમની ડિગ્રી સંબંધિત તપાસ કરવા બાબતે પણ સૂચના આપવામાં આવી હતી.

૩ દિવસીય સ્પેશિયલ ડ્રાઈવના આયોજન બાબતે સૂચના આપતા જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યું કે, યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે. ઉપરાંત ક્લિનિક એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૨૦૨૩ હેઠળ દરેક ક્લિનિક કે સંસ્થા અથવા ડોક્ટરે ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે. આ બેઠકમાં સંબંધિત સર્વ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ–વિદ્યાસભામાં મહાશિવરાત્રી પર્વની અનોખી રીતે આસ્થાભેર ઉજવણી






અમરેલીઃ તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલમાં કે.જી થી ધોરણ–૧૨ (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી અને અગ્રેજી માધ્યમ વિભાગ ધ્વારા મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવ પુર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ વિદ્યાસભા કેમ્પસમાં આવેલ શિવ મંદિર ખાતે યોજાયો હતો. આ ઉજવણીનો મુખ્ય હેતુ નાનાં બાળકોમાં ધાર્મિકતા, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ વિકસાવવાનો હતો. આ પ્રસંગે આશરે ૧૮૦૦ વિદ્યાર્થીઓ ધ્વારા ૫૦૦૧ પાથેશ્વર શિવલિંગનું નિમાર્ણ કરી વિધિવત મહાપુજા કરવામાં આવી હતી. પ્રસંગે બાલમંદિરના વિદ્યાર્થીઓને શિવ મંદિરની મુલાકાત કરાવવામાં આવી, જયાં તેમણે ભગવાન શિવના દર્શન કરી પૂજા–અર્ચનામાં ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન નાનાં વિદ્યાર્થીઓએ ભગવાન શિવ અને માતા પાર્વતીના વેશમાં સુંદર રજૂઆત કરી સૌનું મન મોહી લીધું. મંદિર ખાતે વિધિવત પૂજા–અર્ચના સાથે બાળકો ધ્વારા ભગવાન શિવની ધૂન ગાઈ ભક્તિમય વાતાવરણ સર્જાયું. ૐ નમઃ શિવાયનાં ગુંજતા જાપથી સમગ્ર પરિસર આધ્યાત્મિક ઉર્જાથી છલકાયું. તેમજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ ધ્વારા ૫૦૦૦ શીવલિગ તૈયાર કરવામાં આવ્યા. આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો ધ્વારા બાલકોમાં સંસ્કાર, સદગુણો અને આધ્યાત્મિકતા વિકસે છે, જે તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહી પૂજા કરી. તેમણે બાળ કોને આશીર્વાદ આપતાં જીવનમાં ધાર્મિક અને નૈતિક મૂલ્યોને અપનાવવાની પ્રેરણા આપી. કાર્યક્રમ શિક્ષકગણના અને સ્ટાફ ધ્વારા જહેમત ઉઠાવેલ હતી. જેમના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો. ગજેરા કેમ્પસ–વિદ્યાસભા હંમેશાં શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનું ધ્યેય ધરાવે છે.

અમરેલીઃ તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલમાં કે.જી થી ધોરણ–૧૨ (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી અને અગ્રેજી માધ્યમ વિભાગ ધ્વારા મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવ પુર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ વિદ્યાસભા કેમ્પસમાં આવેલ શિવ મંદિર ખાતે યોજાયો હતો. આ ઉજવણીનો મુખ્ય હેતુ નાનાં બાળકોમાં ધાર્મિકતા, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ વિકસાવવાનો હતો. આ પ્રસંગે આશરે ૧૮૦૦ વિદ્યાર્થીઓ ધ્વારા ૫૦૦૧ પાથેશ્વર શિવલિંગનું નિમાર્ણ કરી વિધિવત મહાપુજા કરવામાં આવી હતી. પ્રસંગે બાલમંદિરના વિદ્યાર્થીઓને શિવ મંદિરની મુલાકાત કરાવવામાં આવી, જયાં તેમણે ભગવાન શિવના દર્શન કરી પૂજા–અર્ચનામાં ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન નાનાં વિદ્યાર્થીઓએ ભગવાન શિવ અને માતા પાર્વતીના વેશમાં સુંદર રજૂઆત કરી સૌનું મન મોહી લીધું. મંદિર ખાતે વિધિવત પૂજા–અર્ચના સાથે બાળકો ધ્વારા ભગવાન શિવની ધૂન ગાઈ ભક્તિમય વાતાવરણ સર્જાયું. ૐ નમઃ શિવાયનાં ગુંજતા જાપથી સમગ્ર પરિસર આધ્યાત્મિક ઉર્જાથી છલકાયું. તેમજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ ધ્વારા ૫૦૦૦ શીવલિગ તૈયાર કરવામાં આવ્યા. આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો ધ્વારા બાલકોમાં સંસ્કાર, સદગુણો અને આધ્યાત્મિકતા વિકસે છે, જે તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહી પૂજા કરી. તેમણે બાળકોને આશીર્વાદ આપતાં જીવનમાં ધાર્મિક અને નૈતિક મૂલ્યોને અપનાવવાની પ્રેરણા આપી. કાર્યક્રમ શિક્ષકગણના અને સ્ટાફ ધ્વારા જહેમત ઉઠાવેલ હતી. જેમના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો. ગજેરા કેમ્પસ–વિદ્યાસભા હંમેશાં શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનું ધ્યેય ધરાવે છે.

હવે આપના અમરેલીમાં કાન-નાક-ગળાના ડોક્ટર નિયમિત મળશે
NETRA CHIKITSA TRUST MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99789 66629
• અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મૂક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
• કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
• નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
• ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઇડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
• થાઈરોઈડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
• ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
• નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
સોમવાર થી શનિવાર
સવારે ૯:૩૦ થી ૨, સાંજે ૫ થી ૮
24/7 Emergency Services
Dr. Rutvij Mehta
M.S., (ENT)

## આમ આદમી પાર્ટીનાં અગ્રણી યુવરાજસિંહે ભારે જહેમત બાદ કર્યો પર્દાફાશ

# વડિયા પંથકમાંથી ભરાયેલ દૂધ બનાવટી સાબિત થયુ


**મધ્યરાત્રિએ હજારો લિટર દૂધનો નાશ કરી દેવામાં આવ્યો**

**સ્થાનિક તંત્ર ઊંઘતુ રહ્યું અને રાજકીય અગ્રણીએ બનાવટી દૂધ ઝડપી લીધુ**

**ઠેકઠેકાણે ફેલાયેલ બનાવટી દૂધનાં દુષણ સામે સરકારે કાર્યવાહી કરવી જરૂરી**

**ઠેકઠેકાણે આરોગ્યની ચકાસણી જેમ થાય છે તેમ બનાવટી ખાદ્યસામગ્રીની ચકાસણી જરૂરી**








વડિયા, તા. ૧૭

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના છેવાડાના ગામ હનુમાન ખીજડીયામાં મોટાપાયા પર નકલી દૂધનો કાળો કારોબાર ચાલતો હોવાની બાતમીના આધારે આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ દૂધના ટેન્કરની રેકી કરી તમામ પુરાવા સાથેની વિગતો જાણીને અંતે દૂધનું ટેન્કર હનુમાન ખીજડીયાથી નીકળી અમરેલી રોડ પર જતા પાછળથી જીપીએસ તસ્વીર લેતા હોવાની જાણ થતાની સાથે ટેન્કર રોકી યુવરાજસિંહ સાથે બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ હુમલાઓની ઘટના બની હતી. સમગ્ર ઘટના બાદ યુવરાજસિંહ દ્વારા વડિયા આવી ૧૧૨ની મદદથી તે ટેન્કર વડિયા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યુ હતુ અને યુવરાજસિંહ જાડેજા દ્વારા તે ટેન્કરમાં શંકાસ્પદ નકલી દૂધ હોવાનુ જણાવતા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીને જાણ કરતા તેમના દ્વારા રાત્રે નવ વાગ્યા આસપાસ તેની ચકાસણી માટે સેમ્પલ લેવાની

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,39,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૯૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## ગાવડકામાં રખડતા પશુઓથી ફફડાટનો માહોલ ઉભો થયો



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં ગાવડકા નજીક હાઈવે ઉપર અવારનવાર આખલાઓ વચ્ચે યુધ્ધ થતાં ગ્રામજનોમાં ફફડાટ ઉભો થયો હોય જવાબદાર વિભાગ સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ ઉભી થઈ છે.

ઓફીસ / ફ્લેટ વેચવાના છે....
મોકાની ઓફીસ ફુલ ફર્નિચર અને ભાડાની આવક સાથે વેચવાની છે.
ગીરધરભાઈ સંગ્રાહલય શોપીંગ સેન્ટર
પોસ્ટ ઓફિસ સામે - અમરેલી
કસમાં ફ્લેટ વેચવાનો છે...
ગોકુલધામ એપાર્ટમેન્ટ, લાઠી રોડ - અમરેલી
સંપર્ક : 93774 48644

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Liaisoning Officer - 1
Experience : 1-2 Years (Male)
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)